પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૫૧, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૯-૦૨-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 151 PRICE :-RS. 1.50 DATE : 19-02-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ધ ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ્સ કોંગ્રેસે સરકારને ૧૪ દિવસનું અલ્ટીમેટમ આપ્યું

## ડિઝલના ભાવ મુદ્દે ૨૬ ફેબ્રુઆરીએ ૧ કરોડ ટ્રકોના પૈડા થંભી જશે

ન્યુ દિલ્હી,

ડીઝલના ભડકે બળતા ભાવો, ઈ-વે બિલ સંબંધિત મુદ્દાઓ અને સ્ક્રેપિંગ પોલિસી વગેરે બાબતે ટ્રાન્સપોર્ટર્સની હડતાળ વચ્ચે હવે આ મામલો બે ભાગોમાં વહેંચાઈ રહેલો જણાઈ રહ્યો છે. એક તરફ ધ ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટર્સ કોંગ્રેસએ પહેલા પોતાની વિવિધ માંગણીઓને લઈ સરકારને ૧૪ દિવસનો સમય આપ્યો હતો અને દેશવ્યાપી હડતાળ પર ઉતરવાની જાહેરાત કરી હતી.



ત્યારે, વ્યાપારિક સંગઠન કંફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ અને ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટર્સ વેલફેર અસોશિએશનએ તેનાથી અલગ ૨૬મી ફેબ્રુઆરીએ એક દિવસના ભારતબંધની જાહેરાત કરી છે. આ રીતે હવે બે હડતાળનું આયોજન થઈ રહ્યું છે જેમાં પહેલી હડતાળ ૨૬મી ફેબ્રુઆરીએ યોજાશે તે ચોક્કસ છે જ્યારે બીજી હડતાળ માંગણીઓ પૂર્ણ ન થાય તે સ્થિતિમાં થોડા દિવસો બાદ યોજાશે.

એઆઈએમટીસીએ પોતાની માંગણીઓ પૂર્ણ ન થવાની સ્થિતિમાં દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી હતી પરંતુ તે ૨૬મી ફેબ્રુઆરીની દેશવ્યાપી હડતાળથી સ્પષ્ટપણે અલગ થઈ ગયું છે. એઆઈએમટીસીના મહાસચિવ નવીન કુમાર ગુપ્તાએ ઈ-વે બિલ મુદ્દે ૨૬મી ફેબ્રુઆરીની એક દિવસની હડતાળને માત્ર કેટલાક લોકોનો નિર્ણય ગણાવ્યો છે. સાથે જ તે દિવસે તેમના ૯૫ લાખ ટ્રક દેશભરમાં કામ ચાલુ રાખશે, સપ્લાય કરશે અને તમામ પરિવહન કંપનીઓના બુકિંગ કાર્યાલયો ખુલ્લા રહેશે તેમ જણાવ્યું હતું.

સીએઆઈટીના મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે તેમની માંગણીઓને ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટર્સ વેલફેર અસોશિએશનનું સમર્થન મળ્યું હોવાની માહિતી આપી હતી. દેશના ૧ કરોડ કરતા પણ વધારે ટ્રાન્સપોર્ટર્સ અને કુરિયર કંપનીઓ ટ્રાન્સપોર્ટના સદસ્ય છે અને ૨૬મી ફેબ્રુઆરીએ આટલા ટ્રકના પૈડાંઓને બ્રેક વાગી જશે.

## ચૂંટણી ઈફેક્ટઃ ફેબ્રુઆરી-માર્ચમાં કોરોના કેસોમાં વધારો થવાની દહેશત

અમદાવાદ,

દિવાળી બાદ કોરોનાનાં કેસો વધતાં સરકાર અને લોકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. અને તાબડતોડ નાઈટ કરફ્યુ સહિતનાં પ્રતિબંધો લાદી દેવામાં આવ્યા હતા. જે બાદ કોરોનાનાં કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. પણ હવે ચૂંટણી અને લગ્ન પ્રસંગો આવતાં જ લોકો કોરોનાને ભૂલી ગયા છે. ચૂંટણીઓની રેલીમાં અને લગ્નના મેળાવડાંઓના કારણે ફેબ્રુઆરી તથા માર્ચ મહિના દરમિયાન કોરોનાનાં કેસો વધવાની દહેશત સેવાઈ રહી છે.

લગ્ન પ્રસંગમાં હવે સરકારે ૨૦૦ લોકોને મંજૂરી આપી છે. કોરોનાના કેસો નિયંત્રિત થતાં લોકોના મેળાવડાનું પ્રમાણ વધી જવા પામ્યું છે. એટલું જ હનીં આ મેળાવડામાં માસ્ક પણ લોકો નથી પહેરી રહ્યા. લોકોની બેદરકારીને કારણે કોરોનાનાં કેસો વધી શખે છે. કેસો ઘટી રહ્યા હોવાનું જાણીને લોકો બિન્દાસ બનતાં જાય છે. હોટેલ-રેસ્ટોરાંમાં લોકોની ભીડ થવા લાગી છે. માસ્ક પહેરવા મુદ્દે લોકોની બેદરકારી તથા સામાજિક અંતર ન જાળવવાના કારણે કોરોનાનાં કેસો વધવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

માર્ચ સુધીમાં ફરીથી કોરોના બેકાબૂ થવાની દહેશત સેવાઈ રહી છે. કારણે કે લગ્નના મેળાવડાઓ ઉપરાંત હવે ચૂંટણીને લઈને રાજકીય મેળાવડા શરૂ થયા છે. ચૂંટણીની જાહેર સભાઓ અને રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે. તેમાં પણ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડી રહ્યા છે. આ સ્થિતિએ કોરોના બેકાબૂ થાય તો નવાઈ નહીં. તબીબોએ પણ ચૂંટણીમાં થઈ રહેલી સભાઓ, સરઘસ, મેળાવડાઓને લઈને કોરોના વકરવાની દહેશત વ્યક્ત કરી છે.

ગુજરાતના મુખ્યમંત્રી, સાંસદ વિનોદ ચાવડા તથા પ્રદેશ મોવડી ભીખુ દલસાણીયા કોરોના પોઝિટિવ છે. આ સ્થિતિએ કોરોનાનું વધતું જોખમ નજર સમક્ષ દેખાઈ રહ્યું છે. છતાં સરકાર જબરદસ્તી ગાણું ગાઈ રહી છે કે કોરોનાનાં કેસોનું જોખમ ઘટી રહ્યું છે. જે આશ્ચર્ય સર્જે છે.

### મધુ શ્રીવાસ્તવની નફફટાઈઃ પોલીસ અને કલેક્ટરને ખિસ્સામાં લઈ ફરું છું

વડોદરા,

વડોદરાના વાઘોડિયાથી ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ફરી એકવાર વિવાદિત નિવેદન આપ્યું છે. ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવનું વિવાદીત નિવેદને હાલ લોકોમાં ચર્ચા ઉપજાવી છે. સયાજીપુરા જિ.પંચાયતના ઉદ્ઘાટન વખતે ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે બોલ્યા હતા કે, 'પોલીસ તંત્ર અને કલેક્ટર મારા ખિસ્સામાં છે. કોઈની તાકાત નથી કે મારો કોલર પકડે. દેશ આઝાદ છે તો આપણે પણ આઝાદ છીએ.' આ નિવેદનનો વીડિયો પણ અમારી પાસે છે તે પણ જોઈલો. જોકે, તેમના આવા નિવેદન પર રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ પણ આકરી પ્રતિક્રિયા આપી છે. નીતિન પટેલે નિવેદન આપતા જણાવ્યું કે, 'ભાજપના હોદ્દેદારોએ સંયમ જાળવવો પડશે અને કાયદાનું પણ સન્માન જાળવવું પડશે.'

વાઘોડિયાના ભાજપના વિવાદિત ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે સયાજીપુરા જિલ્લા પંચાયત ભાજપ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'પોલીસ તંત્ર અને કલેક્ટર વલેકટરને હું મારા ખિસ્સામાં લઈને ફરું છું.' આ ઉપરાંત મધુ શ્રીવાસ્તવે વધુમાં જણાવ્યું હતું કે, 'કોઈની તાકાત નથી કે મારો કોલર પકડી બતાવે. દેશ આઝાદ છે, આપણે પણ આઝાદ છીએ.

## બર્ફીલા તોફાન આગળ દુનિયાની મહાસત્તા અમેરિકા લાચારઃ ૧ કરોડ લોકો સંકટમાં

ન્યૂયોર્ક,

અમેરિકાના ટેક્સાસ અને મેક્સિકોમાં ખતરનાક બર્ફીલા તોફાનના કારણે સ્થિતિ ખૂબ જ ગંભીર બની ગઈ છે. સતત થઈ રહેલી હિમવર્ષાના કારણે અત્યારસુધીમાં ૨૧ લોકોના મોત થયા છે. ટેક્સાસમાં ૪૪ લાખ લોકો વીજળીની સુવિધા વગર ઘરોમાં પુરાઈ રહેવા મજબૂર બન્યા છે. ટેક્સાસની ૧૦૦થી વધારે કાઉન્ટીમાં વીજળી અને પાણીના પુરવઠાને વિકટ પ્રભાવ પડ્યો છે. લોકોને ઉકાળેલું પાણી પીવા માટે સલાહ આપવામાં આવી રહી છે અને ૨૦૦થી વધારે રસ્તાઓ બ્લોક થઈ ગયા છે. હાલ તે વિસ્તારના વેક્સિનેશન સેન્ટર બંધ કરી દેવામાં આવ્યા છે અને વૃદ્ધોને બચાવવા માટે નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવામાં આવ્યા છે. તે સિવાય ટેક્સાસ અને હ્યુસ્ટનમાં વિમાની સેવાઓ બંધ કરી દેવામાં આવી છે.



અમેરિકાની ૧ કરોડ કરતા પણ વધારે વસ્તી બરફમાં ઠુંઠવાઈ રહી છે. ટેક્સાસમાં સતત બર્ફીલા તોફાનોના કારણે વીજળીનું ઉત્પાદન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. સ્ટેટ પાવર ગ્રિડમાં સતત ખરાબી આવી રહી છે અને ગેસ, તેલની પાઈપલાઈનો પણ જામી ગઈ છે. વેક્સિનના ૮,૦૦૦ કરતા પણ વધારે ડોઝ વીજળીનો પુરવઠો ન મળવાના કારણે બગડી ગયા છે.

ટેક્સાસ, લુસિયાના, કેંટકી અને મિસૌરીમાં અત્યાર સુધીમાં ૨૧ લોકોના મોત થયા છે. વાતાવરણ સતત ખરાબ થઈ રહ્યું છે અને મિસિસિપી, મિનેસોટામાં પણ આવી જ સ્થિતિ છે. હવામાન વિભાગે ટેક્સાસ, અરકંસાસ તથા મિસિસિપીમાં ફરીથી તોફાન આવશે તેવી ચેતવણી આપી છે.

રાષ્ટ્રપતિ જો બાઈડને પોતે મુશ્કેલીમાંથી પસાર થઈ રહેલા રાજ્યોની સંપૂર્ણપણે મદદ કરશે તેવી ખાતરી આપી છે. બર્ફીલા તોફાનોના કારણે ઓહાયોથી લઈને રિયો ગ્રેંડે સુધીનું સંપૂર્ણ ક્ષેત્ર બરફની ચાદરમાં ઢંકાઈ ગયું છે. લિંકન અને નેબરાસ્કા શહેરનું તાપમાન માઈનસ ૩૧ ડિગ્રીથી પણ નીચું જતું રહ્યું છે.

ટેક્સાસ ઉપરાંત મેક્સિકોની સ્થિતિ પણ વણસેલી છે. ઉત્તરી મેક્સિકોમાં બ્લેકઆઉટના કારણે એક જ દિવસમાં ફેક્ટરીઓને ૨.૭ બિલિયન ડૉલર (આશરે ૧૯,૦૦૦ કરોડ કરતા વધારે)નું નુકસાન થયું છે. બર્ફીલા તોફાનોના કારણે ઉદ્યોગ-ધંધાને સૌથી વધારે નુકસાન પહોંચ્યું છે. ઉત્પાદન ક્ષેત્રે સંકળાયેલી ફેક્ટરીઓની સંસ્થાએ ૨,૬૦૦ ઉદ્યોગો તોફાનથી પ્રભાવિત થયા હોવાનો અહેવાલ આપ્યો હતો.

## મહારાષ્ટ્રના અમરાવતી અને યવતમાલ જિલ્લામાં કોરોના કેસો વધતાં લોકડાઉન લદાયું

મુંબઈ,

મહારાષ્ટ્રમાં કોરોનાના વધતા કેસને જોતા આખરે સૌથી વધારે પ્રભાવિત થયેલા યવતમાલ અને અમરાવતી જિલ્લામાં ફરી લોકડાઉન લગાવવાની જાહેરાત થઈ છે. હવે જિલ્લામાં ૨૮ ફેબ્રુઆરી સુધી લોકડાઉન રહેશે. યવતમાલના જિલ્લા અધિકારી દેવેન્દ્ર સિંહે આ નિર્ણય લીધો છે. યવતમાલમાં કોરોના દર્દીઓની સંખ્યા ઘણી વધી ચુકી છે. જિલ્લામાં ડિસેમ્બર મહિનાથી લઈને ૨૯ જાન્યુઆરી સુધી ૨૫ દર્દીઓના મોત થયા હતા, પરંતુ ફેબ્રુઆરી મહિનામાં આ આંકડો ઘણો વધી ચુક્યો છે. યવતમાલ, પંઢરકવડા અને પુસદમાં કોરોના દર્દીઓની સંખ્યા સૌથી વધારે છે. આ ત્રણેય જગ્યા પર દરરોજ ૫૦૦ની આસપાસ દર્દીઓ મળી રહ્યા છે. આ હિસાબે આ ત્રણેય જગ્યાના




રોજના ૧૫૦૦ દર્દીઓની તપાસ કરવી જરૂરી છે. જિલ્લા હૉસ્પિટલમાં વધતા મોતના આંકડાને જોતા ડીન પાસે ડેથ રિપોર્ટ પણ માંગવામાં આવ્યો છે. આ ઉપરાંત ખાનગી હૉસ્પિટલોમાં પણ કોરોનાથી થનારા મોતોનો ઑડિટ રિપોર્ટ રજૂ કરવા માટે કહેવામાં આવ્યુંછે. જિલ્લા અધિકારીએ જણાવ્યું કે હાઈ રિસ્ક અને લો રિસ્ક એરિયા પ્રમાણે શહેરમાં લૉકડાઉન લગાવવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં ગત ૨૪ કલાકમાં ૪૭૮૭ નવા કેસ સામે આવ્યા છે. તો રાજ્યમાં અત્યાર સુધી કુલ દર્દીઓની સંખ્યા ૨૦,૭૬,૦૯૩ સુધી પહોંચી ગઈ છે. રાજ્યમાં ગત ૨૪ કલાકમાં ૪૦ લોકોના મોત થયા છે, જ્યારે રાજ્યમાં અત્યાર સુધી કુલ ૫૧,૬૩૧ લોકોના કોરોનાના કારણે મોત થઈ ગયા છે. રાજ્યમાં અત્યારે એક્ટિવ દર્દીઓની સંખ્યા ૩૮,૦૧૩ છે. મુંબઈમાં પણ કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૨૧ નવા કોરોનાના કેસ સામે આવ્યા છે.

## ગુજરાતમાં પેટ્રોલ-ડિઝલના ભાવ નહિ ઘટેઃ પટેલની સ્પષ્ટ વાત

ગાંધીનગર,

દેશભરમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પોતાની પ્રતિક્રિયા આપી હતી. નીતિન પટેલે પેટ્રોલ-ડીઝલના ભાવ વધવા અંગે કહ્યુ કે, રાજ્યમાં વેટ ઓછો હોવાને કારણે ગુજરાતની પ્રજાને અમે ભાર પડવા દીધો નથી.



પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ અંગે નીતિન પટેલે કહ્યુ કે, સૌથી પહેલા ગુજરાત સરકાર તરીકે, ગુજરાતના નાણા પ્રધાન તરીકે હું કહીશ કે આખા દેશની અંદર અત્યારે પેટ્રોલ-ડીઝલનો જે વેટ છે તેનો જે ટેક્સ છે આખા ભારતની અંદર ગુજરાતમાં ઓછો છે. મીડિયા-છાપામાં તમે જે જોવો છે અન્ય રાજ્યમાં પેટ્રોલ-ડીઝલની જે કિંમતો છે તે આખા ગુજરાતમાં વેટ ઓછો હોવાને કારણે પ્રજાને ભાર પડવા દીધો નથી.''

વધુમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, બીજી જે અગત્યની વાત છે, ભારતમાં કુદરતી ક્રૂડ ઓઈલ વગેરે તેલ મળવાનું મર્યાદિત પ્રમાણમાં છે. ગઈકાલે વડાપ્રધાન મોદીએ જે માહિતી જાહેર કરી તે પ્રમાણે ૮૫ ટકા કરતા વધુ ક્રૂડ ઓઈલ પ્રદેશથી આયાત કરવુ પડે છે. આવા સંજોગોમાં જે પહેલા ૫૧-૫૨ ડોલર બેલરની કિંમત હતી તે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ભાવ વધારો થયો તે ૬૦ ડોલરથી વધુ થઈ છે એટલે સ્વાભાવિક છે કે તેની કિંમતમાં વધારો થયો છે. કોરોનાની મહામારીમાં સરકારોની આવક આખા દેશમાં ઘટી ગઈ પછી તે ભારત સરકાર હોય કે રાજ્ય સરકાર હોય, પછી જે ખુબ મોટો ખર્ચો થયો, તેને ધ્યાનમાં રાખી વડાપ્રધાને બજેટમાં નિર્મલા સીતારમણે ખેડૂતોને મદદરૂપ થવા કૃષિ ઉત્પાદનમાં ભાવ સારા મળે તે માટે સેસ રાખી છે તેમાં પેટ્રોલ-ડીઝલ પણ આવે છે, સામે ભારત સરકારે એક્સાઈઝ જે હતી ક્રૂડ અને પેટ્રોલ-ડીઝલ કે ગેસ ઉપરની તેમાં ઘટાડો કરી દીધો છે એટલે પ્રજા પર કોઈ સીધો બોઝો એક્સાઈઝનો વધારાનો આવ્યો નથી. હું ચોક્કસ કહી શકું કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે ક્રૂડના ભાવ વધ્યા તે પેરેરલ આ ભાવ વધ્યા છે. આપણે આશા રાખીયે કે ક્રૂડ ઓઈલમાં આ ભાવ ઘટાડો ઝડપથી આવે. નીતિન પટેલે વધુમાં કહ્યુ કે, વડાપ્રધાને કહ્યુ તેનો સ્પષ્ટ અર્થ છે, આપણે પરદેશી તેલની આયાત ઉપર નિર્ભર રહીયે તે ચાલે નહી. વડાપ્રધાને સોલાર એનર્જીનું કામ મોટાપાયે શરૂ કર્યુ છે. ગુજરાતમાં પણ આપણે ૩૦ હજાર મેગાવોટ કરતા મોટા સોલાર પ્લાન્ટ નાખી રહ્યા છીએ, તેમાંથી વિજળી આવે તે સ્વાભાવિક છે કે પેટ્રોલ-ડીઝલના પ્લાન્ટ ચાલતા હોય તે સોલાર ઉપર ચાલે, એની ખપટ ઘટે, બહારથી આયાત ઓછુ કરવુ પડે, કિંમતી વિદેશી હુંડિયામણ ઘટાડી શકાય. આ બધુ અગાઉ યુપીએ સરકારે કર્યુ હોય તો આટલુ તેલ આયાત ના કરવુ પડ્યુ હોત. વડાપ્રધાનનું વિધાન સમજવુ જોઈએ, વડાપ્રધાન મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી ચારણકા અને બનાસકાંઠા જિલ્લામાં મોટા પ્રમાણમાં સોલાર પ્લાન્ટ રાખ્યા હતા. અત્યારે પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ૩૦ હજાર મેગાવોટ કરતા વધુ સોલાર વિજળીનું ઉત્પાદન આપણે કરી રહ્યા છીએ. ઘરે ઘરે નાગરિકો સોલાર રૂફટોપનો ઉપયોગ કરે તે માટે સબસિડી પણ આપીયે છીએ.

નીતિન પટેલને જ્યારે પૂછવામાં આવ્યુ કે તમે આંતરરાષ્ટ્રીય માર્કેટની વાત કરો છો, યુપીએ સરકારના સમયમાં ક્રૂડ ઓઈલના ભાવ બેરલના ૧૩૦ ડોલર હતા અને અત્યારે ૬૦ ડોલર ભાવ છે. નાયબ મુખ્યમંત્રીએ જવાબ આપતા કહ્યુ કે, યુપીએ સરકારનો વહિવટ તે લોકોએ કર્યો, તેમણે જ ખબર, કહીને વાતને હસી કાઢી પોતાનો બચાવ કર્યો હતો.

### શાળાઓ ખુલતા જ કોરોના સંક્રમણ વધ્યું ડીસાની રામસણ પ્રા.શાળામાં ૧૧ કોરોના પોઝિટિવ કેસ સામે આવતા ખળભળાટ મચ્યો

ડીસા,

બનાસકાંઠા જિલ્લામાં એક તરફ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને ગરમાવો છે જ્યારે બીજી તરફ સરકાર દ્વારા શાળાના અમુક વર્ગો શરૂ કરી દેવામાં આવ્યા છે ત્યારે ડીસામાં કોરોનાએ ફરી વકરતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ડીસાની રામસણ પ્રાથમિક શાળામાં ૧૧ કોરોના પોઝિટિવ કેસ સામે આવતા ખળભળાટ મચ્યો છે.

શાળાઓ ખુલતાજ કોરોના સંક્રમણ વધ્યું છે. કોરોનાનું સંક્રમણ વધતા શાળા એક અઠવાડિયા માટે બંધ કરવામાં આવી છે, ઘટનાની જાણ થતાંજ તંત્ર પણ એક્શનમાં આવ્યું છે.

વૈશ્વિક કોરોના કાળને લઈ ઉત્તર ગુજરાત જિલ્લાની પ્રાથમિક સ્કૂલોમાં છેલ્લા એક વર્ષથી વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય બંધ હતું જોકે દિવાળી બાદ રાજ્યમાં કોરોના અંકુશમાં આવતા સરકાર દ્વારા સ્કૂલોમાં તબક્કા વાર શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવી રહી છે જેમાં અગાઉ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં શિક્ષણ શરૂ કર્યા બાદ ગુરુવાર (આજ)થી પ્રાથમિક સ્કૂલોમાં ધો.૬થી ૮ના વર્ગો શરૂ કરવામાં આવી રહ્યા હોઈ ઉત્તર ગુજરાતની પ્રાથમિક સ્કૂલોમાં કોરોનાની ગાઈડ લાઈન મુજબ ધો.૬ થી ૮માં નોંધાયેલા વિદ્યાર્થીઓના શિક્ષણ શરૂ કરવામાં આવશે.

રાજ્ય સરકારે મહત્વની ગાઈડલાઈન જાહેર કર્યા બાદ સ્કૂલો શરૂ કરવાની મંજૂરી આપી છે. પરંતુ શાળાઓ ખુલતાજ કોરોના સંક્રમણ વધતા ચિંતામાં વધારો થયો છે. બીજી તરફ શાળામાં ૧૧ લોકો કોરોના પોઝિટિવ આવતા વાલીઓમાં ફફડાટ ફેલાયો છે. બીજી તરફ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એકઠી થઈ રહેલી ભીડના કારણે કોરોના ફરી માથું ઉંચકે તેવી ભીતિ ઉભી થઈ છે.

ગોધરા વોર્ડ નં.૫ ના લોક લાડીલા એવા યુવા

સ્વચ્છ છબી ધરાવતા અને પ્રતિષ્ઠિત એવા અપક્ષ ઉમેદવાર

સંજય ચંપકલાલ સોની



આપનો કિંમતી મત આપી-અપાવી વિજયી બનાવશોજી.

| અનું. નં. | અપક્ષ ઉમેદવાર | નિશાન | બટન |
| --- | --- | --- | --- |
| ૧૬ | સંજય ચંપકલાલ સોની | | |

ચૂંટણી મતદાન તારીખ : ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧
સમય : સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી

મતદાન અવશ્ય કરો.

### અચ્છે દિન યથાવત! સતત દસમા દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો




આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી જોવા મળી રહી છે. લંડન એક્સપ્રેસમાં બ્રેંટ ક્રૂડનો ભાવ ૬૪ ડૉલર પ્રતિ બેરલને પાર કરી ગયો છે. બીજી તરફ સ્થાનિક બજારોમાં આજે સતત ૧૦મા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આગ લાગેલી જોવા મળી રહી છે. ગુરુવારે દિલ્હીમાં પેટ્રોલ ૩૪ પૈસા પ્રતિ લીટર વધીને ૮૯.૮૮ રૂપિયા પર આવી ગયું. ડીઝલ પણ ૩૨ પૈસાના છલાંગ સાથે ૮૦.૨૭ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું. હાલમાં લગભગ દરેક શહેરમાં બંને ઈંધણોના ભાવ ઓલ ટાઈમ હાઈ પર ચાલી રહ્યા છે.

વિદેશી કરન્સી દરોની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ શું છે, તેના આધારે રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થાય છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એક્સાઈઝ ડ્યૂટી, ડીલર કમીશન અને અન્ય ચીજો જોડ્યા બાદ આ ભાવ લગભગ બે ગણા થઈ જાય છે. નોંધનીય છે કે રોજ સવારે ૬ વાગ્યે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થાય છે. સવારે ૬ વાગ્યાથી જ નવા દર લાગું થઈ જાય છે.

### પૂર્વ CJI રંજન ગોગોઈ સામેનો યૌન શોષણનો મામલો સુપ્રીમ કોર્ટે કર્યો બંધ

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને કથિત જાતિય સતામણીમાં ફસાવવા માટેના કેસને પડતો મૂક્યો છે. પૂર્વ ચીફ જસ્ટિસ વિરુદ્ધ આ ષડયંત્ર હોવાના રિપોર્ટને આધારે કેસમાં તપાસની પ્રક્રિયા બંધ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે પૂર્વ સીજેઆઈ રંજન ગોગોઈ વિરુદ્ધ આ એક ષડયંત્ર હોવાની સંભાવનાનો ઈનકાર કરી શકાય નહીં. આ પ્રકારના ષડયંત્રને જસ્ટિસ ગોગોઈના ચુકાદાઓ સાથે જોડી શકાય છે, જેમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ ઉપર તેમના વિચારો પણ સામેલ છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે આ ચુકાદો પૂર્વ જસ્ટિસ એ કે પટનાયકના રિપોર્ટ આધારિત છે, જેમને જસ્ટિસ ગોગોઈ વિરુદ્ધના આક્ષેપોમાં એક મહત્વના ષડયંત્રની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના મતે પૂર્વ જસ્ટિસ એ કે પટનાયકના રિપોર્ટમાં ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ વિરુદ્ધ ષડયંત્રનો સ્વીકાર કરાયો છે અને તેને રદ કરી શકાય નહીં. સુપ્રીમ કોર્ટના મતે આ કેસને બે વર્ષ વિત્યા છે અને ગોગોઈને ફસાવવા માટેના ષડયંત્રની તપાસમાં ઈલેક્ટ્રોનિક રેકોર્ડ પ્રાપ્ત કરવાની સંભાવના પાતળી જણાય છે. સુપ્રીમ કોર્ટના વકીલ ઉત્સવ બૈંસે પૂર્વ સીજેઆઈ રંજન ગોગોઈ પર લગાવાયેલા જાતિય શોષણના આક્ષેપો પાછળ ષડયંત્ર હોવાનો દાવો કર્યો હતો. નોંધનીય છે કે ૨૦૧૯માં એક મહિલાએ પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ વિરુદ્ધ જાતિય શોષણનો આક્ષેપ કર્યો હતો. આ કેસમાં સુપ્રીમ કોર્ટે સુઓ મોટો હેઠળ તપાસ કરવા આદેશ આપ્યો હતો. સુપ્રીમ જે તે સમયે કહ્યું હતું કે આ આક્ષેપો ગંભીર છે અને સત્ય શું છે તેની તપાસ થવી જોઈએ. જો અમે આંખો બંધ કરી દઈશું તો દેશનો વિશ્વાસ ન્યાયતંત્ર પરથી ઉઠી જશે. ત્યારબાદ જસ્ટિસ પટનાયકને તપાસની જવાબદારી સોંપવામાં આવી હતી.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત બાલાસિનોર ખાતે યોજાઇ બાઇક રેલી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર....'' આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે.

મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદી દ્વારા મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે COVID-૧૯ ની ગાઇડ લાઇનને અનુસરીને બાલાસિનોર નગરમાં બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બાઇક રેલીને ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર વિમલ ચૌધરીએ પ્રાંત કચેરીના કંપાઉન્ડ માંથી લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ બાઇક રેલીને બાલાસિનોર પ્રાંત કચેરી કમ્પાઉન્ડ માંથી શિક્ષકો દ્વારા બાઇક રેલી કાઢવામાં આવી હતી. જેમાં બાઇક સવાર શિક્ષકોએ મતદાન જાગૃતિ માટેના પ્લે કાર્ડ સાથે જોડાયા હતા અને મતદાતાઓને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી સો ટકા મતદાન કરવાનો સંદેશો પાઠવ્યો હતો. આ બાઇક રેલી બાલાસિનોર પ્રાંત કચેરી કમ્પાઉન્ડમાં થી શરૂ થઈ બસ સ્ટેન્ડ, નગરપાલિકા, અંબે માતા મંદિર, તળાવ દરવાજા, જુની નગરપાલીકા, નિશાળ ચોક, અમદાવાદી દરવાજા, તાલુકા પંચાયત, જી.આઇ.ડી.સી થઇ પ્રાંત કચેરી ખાતે પૂર્ણ થઇ હતી. આ બાઇક રેલીએ નગરજનો અને મતદારોમાં આકર્ષણ જમાવ્યું હતું. આ બાઇક રેલીમાં મોટી સંખ્યામાં શિક્ષકોએ ઉત્સાહભેર જોડાઇને મતદાન જાગૃતિ અભિયાનને સાર્થક બનાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી પી એન મોદી તેમજ શિક્ષકો જોડાયા હતા.

# મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત બાકોર-પાંડરવાડાની કે.એમ.દોશી હાઇસ્કૂલ ખાતે યોજાયેલ ચિત્ર સ્પર્ધા




લુણાવાડા, મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર... આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર-લુણાવાડાના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે.

મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે COVID-૧૯ ની ગાઇડ લાઇનને અનુસરીને બાકોર-પાંડરવાડાની કે. એમ. દોશી હાઇસ્કૂલ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં શાળાના ૨૪ વિદ્યાર્થીની-વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઇને મતદાન જાગૃતિ અંગેનો સંદેશો આપતાં વિવિધ પ્રકારના ચિત્રો દોરીને મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગી થયા હોવાનું તેમજ એચ. એન. શાહ હાઇસ્કૂલ-લીમડિયા ખાતે શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હોવાનું સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદીએ જણાવ્યું છે.

# સંતરામપુર સાતકુંડાના ઉમેદવાર જાતિનો દાખલો ખોટો આપ્યો હોવાનો આક્ષેપ

સંતરામપુર, રાજયમાં સ્થાનિક સ્વરાજની ચુંટણી તા.૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાવાની છે જેની પ્રકિયા અંતિમ તબકકામાં ચાલી રહી છે. ત્યારે મહિસાગરના સંતરામપુર તાલુકામાં જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણીઓ પણ યોજાવાની છે. જેમાં ૨૪-સાતકુંડા તાલુકા પંચાયત બેઠક અનુસુચિત આદિજાતી સ્ત્રી માટે અનામત બેઠ્ક છે. છતાં આ બેઠક ઉપર સામાજિક-શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગ(બક્ષીપંચ)માં સમાવિષ્ટ જાતિઓ જેવી કે ખાંટ, બારીયા (બારીઆ)પગી, ધોરી(ગોરી) વગેરે જાતિના ઈસમોને ખોટી રીતે આદિવાસીના જાતિ પ્રમાણપત્રો મેળવી આદિવાસીને રાજકિય પ્રતિનિધિત્વ ન કરવા દેવા તથા આદિવાસી તરીકે રાજકિય લાભ ખાટવા તથા આદિવાસી તરીકે પ્રસ્થાપિત થવા માટે ચુંટણીપંચને છેતરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં આદિવાસી વતી આદિવાસી તરીકે ખોટા પ્રમાણપત્રો રજુ કરી ઉમેદવારી નોંધાવેલ હોવાથી તમામ બક્ષીપંચની જાતિના ઉમેદવારોના અનુસુચિત આદિજાતી સ્ત્રી અનામત બેઠકોમાંથી ઉમેદવારી પત્રકો રદ્દ કરવા બેઠકના ઉમેદવાર અંજુબેન મનહરભાઈ ભાભોરે તાલુકા વિકાસ અધિકારી અને ચુંટણી અધિકારીને કરવામાં આવી છે. વધુમાં જણાવ્યુ હતુ કે, ખાંટ, બારીયા(બારીઆ) પગી, ધોરી(ગોરી), વગેરે જાતિના ઉમેદવારો બક્ષીપંચ સમાજના છે. તેઓ આદિવાસી નથી. તેમ છતાં સાતકુંડા સહિત તાલુકાના ૨ ઉમેદવાર તથા જિલ્લા પંચાયતના ૨ ઉમેદવાર મળી કુલ ૫ ઉમેદવારોએ જાતિના ખોટા દાખલા રજુ કરી ઉમેદવારી નોંધાવી છે. તો કાયદાની જોગવાઇઓ અનુસાર તપાસ કરી કાયદાકિય રીતે પગલા ભરવા તથા ઉમેદવારી પત્રકો રદ્દ કરવા અમારી તથા અમારા સમાજની માંગ છે તેમ જણાવ્યુ છે.

## લુણાવાડાથી દિવડા રોડ પર માર્ગનુ નવીનીકરણ બાદ સાઈડના વૃક્ષો કટિંગ ન થતાં વાહનચાલકોમાં રોષ

મલેકપુર, લુણાવાડાથી દિવડા જતાં રોડનુ નવીનીકરણ કરાયુ પણ રોડની બંને સાઈડમાં વૃક્ષોનુ કટિંગ ન થતાં વાહનચાલકોમાં રોષ મળી રહ્યો છે. આ રસ્તો અકસ્માત ઝોન બન્યો છે. લુણાવાડા તાલુકાના લુણાવાડા શહેરથી દિવડા-કડાણા જતાં રોડનુ કામકાજ નવેસરથી નવીનીકરણ કરવામાં આવતા આજુબાજુના ગ્રામજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. પણ એકતરફ સરકાર દ્વારા રોડનુ નવીનીકરણ કરવામાં આવે છે ત્યારે મહિસાગર જિલ્લાના વડુ મથક લુણાવાડાથી દિવડા-કડાણા જતાં રોડનુ કામકાજ હાલ યુદ્ધના ધોરણે નવીનીકરણ કરવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. પણ હાલ હજુ સુધી રોડની સાઈડમાં આવેલા ઝાડનુ કટિંગ આજદિન સુધી કરવામાં નહિ આવતા અકસ્માતનો ભય જોવા મળી રહ્યો છે.

## વિરપુરના કોયડમ ગામે JCB અને બાઈક વચ્ચે અકસ્માત થતાં એકનું મોત અને એકને ઈજા

વિરપુર, મહિસાગરના વિરપુર તાલુકાના કોયડમ ગામના પરા વિસ્તારના નાનાસલાય સુરેશભાઈ રૂપાભાઈ બારીયા તેમજ શૈલેષભાઈ પર્વતભાઈ બારીયા પોતાની સ્પ્લેન્ડર પ્લસ બાઈક કુંભારવાડી વિરપુર રોડ પર લઈને આવી રહ્યા હતા. તે દરમિયાન વિરપુર પેટ્રોલપંપ પાસે રોડની બાજુમાં કામ કરી રહેલ જેસીબી મશીનના ચાલકે ગફલતભરી રીતે જેસીબી મશીનનો આગળનો ભાગ બારીયા સુરેશભાઈની બાઈક સાથે અથડાવતા ઘટના સ્થળે જ મોત નીપજવા પામ્યુ હતુ.જયારે શૈલેષભાઈને પણ ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલ ખસેડાયા હતા. જો કે વિરપુર પોલીસે જેસીબી મશીન કબ્જે કરી ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૦૩ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ અને સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૮-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૪૪ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૭૨ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/કોરોનાના કુલ ૧૨૭૭૭૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૯ દર્દી હોમ આઇસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૩ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૯-૦૨-૨૦૨૧, શુક્રવાર, મહા સુદ-૭, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્ર: શતતારા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દીદીના ગઢમાં શાહનો હૂંકાર: પં.બંગાળમાંથી TMCને ઉખાડી ફેંકીશું



કોલકાત્તા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરૂવારે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના કાકદ્વીપ ખાતે ભાજપની પમી પરિવર્તન રેલીને લીલી ઝંડી દેખાડી હતી. ત્યાર બાદ તેમણે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં એક રેલીને સંબોધિત કરી હતી અને મમતા બેનર્જીને પશ્ચિમ બંગાળમાંથી તૃણમૂલ કોંગ્રેસને ઉખાડી ફેંકવામાં આવશે તેવો પડકાર ફેંક્યો હતો.

રેલીને સંબોધિત કરતી વખતે અમિત શાહે જનતાને પરિવર્તન માટે અપીલ કરી હતી. પશ્ચિમ બંગાળની જનતાને ઉદ્દેશીને અમિત શાહે કહ્યું હતું કે, "તમે એક વખત બંગાળમાં ભાજપની સરકાર બનાવી જુઓ, બંગાળના તમામ સરકારી કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ આપવામાં આવશે. શિક્ષક ભાઈઓને યોગ્ય માપદંડ મળે તે માટે ભાજપ સરકાર એક કમિટીની રચના કરશે.

અમિત શાહે કહ્યું કે, બંગાળમાં જે રાજકીય હિંસાઓ થાય છે તેમાં ભાજપના ૧૩૦ કાર્યકરો માર્યા ગયા. મમતા દીદી એવું વિચારે છે કે, કોઈને મારી નાખવાથી ભાજપ અટકી જશે. હું તેમને કહેવા માંગુ છું કે, મમતા દીદી તૃણમૂલ કોંગ્રેસના ગુંડાઓએ અમારા ૧૩૦ કાર્યકરોને મારી નાખ્યા છે પણ તેમની શહીદી વ્યર્થ નહીં જાય. બંગાળની ધરતી પર સંપૂર્ણ તાકાત સાથે કમળ ખીલવાનું છે. રેલીમાં અમિત શાહે મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તેમના ભત્રીજા તથા પાર્ટીના સ્થાનિક સાંસદ અભિષેક બેનર્જી પર નિશાન સાધ્યું હતું. અમિત શાહે કહ્યું કે, TMCનો એક જ નારો છે, ભત્રીજાને આગળ વધારો. TMCના મનમાં ભત્રીજાના કલ્યાણ સિવાય કોઈ અભિલાષા નથી. નરેન્દ્ર મોદીજીનો નારો છે, સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ."

અમિત શાહે જય શ્રી રામના નારાને તૃષ્ટિકરણની વિરૂદ્ધનો ગણાવીને ભાજપ તે નારાને ઘેર-ઘેર પહોંચાડશે તેમ કહ્યું હતું અને સાથે જ પશ્ચિમ બંગાળમાં મહિલાઓને ૩૩ ટકાથી વધારે આરક્ષણ મળશે તેવું વચન આપ્યું હતું. તેમણે લોકોને મમતાના ગુંડાઓથી ડરવાની જરૂર નથી અને ચૂંટણીના દિવસે એક પણ ગુંડો રસ્તા પર નહીં દેખાય તેમ કહીને એક વખત ભાજપને તક આપશો તો ૫ વર્ષમાં બંગાળની કાયાપલટ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. અમિત શાહે જો ભાજપની સરકાર બનશે તો ઘૂસણખોરો જ નહીં એક ચકલું પણ ખોટી રીતે પ્રવેશ નહીં કરી શકે તેવો હુંકાર ભણ્યો હતો. સાથે જ મોદીજીએ બંગાળના વિકાસ માટે જે પૈસા મોકલ્યા તે મમતા દીદીની સિંડિકેટ ખાઈ ગઈ તેવો આક્ષેપ કર્યો હતો. તેમણે અમ્ફાન તોફાન વખતે કેન્દ્ર સરકાર દ્વારા જે પૈસા મોકલવામાં આવ્યા તેને TMCના ગુંડાઓ દબાવી ગયા હોવાનો દાવો કર્યો હતો.

બંગાળની બે દિવસીય મુલાકાતે આવેલા અમિત શાહે ગુરૂવારે સવારે કોલકાતામાં ભારત સેવાશ્રમ સંઘ ખાતે પૂજા કરીને પોતાના કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યાર બાદ તેમણે ગંગાસાગરના કપિલ મુનિ આશ્રમ અને ગંગાસાગર ખાતે પૂજા-અર્ચના કરી હતી અને પછી ભાજપની પમી પરિવર્તન યાત્રાને લીલી ઝંડી દેખાડી હતી. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં રાજ્યની ૪૨ લોકસભા બેઠકોમાંથી ૧૮ પર વિજય મેળવીને ભાજપ સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસનું મુખ્ય પ્રતિદ્વંદી બનીને ઉભરી આવ્યું છે. લોકસભા ચૂંટણીમાં TMCએ ૨૨ બેઠકો પર વિજય મેળવ્યો હતો જ્યારે ભાજપ તેનાથી માત્ર ૪ બેઠક દૂર રહ્યું હતું.

## રામપુરા બી.ફાર્મસી કોલેજ દ્વારા GSPC સ્પોન્સર રજીસ્ટર ફાર્મસીના રીફ્રેશર કોર્ષ-૨૦૨૧નું આયોજન

રામપુરા, નુતન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.ફાર્મસી કોલેજ રામપુરા દ્વારા વર્ષ ૨૦૦૬થી બેચલર ઓફ ફાર્મસી અને ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દિલ્હીથી માન્યતા મળેલ છે અને સંસ્થા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે પણ જોડાણ ધરાવે છે. તાજેતરમાં સંસ્થા ખાતે રિફ્રેશર કોર્ષ-૨૦૨૧નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૫ ફાર્માસીસ્ટોએ ભાગ લીધો હતો. સંસ્થાના કોર્ષ ડાયરેકટર સુરેશ જૈન સર, કો-ઓર્ડિનેટર કિંજલ મેડમ, કો-ઓર્ડિનેટર રાજે મેડમે તેમની ટીમે તેમાં ભાગ લીધો હતો. ઈન્ડસ્ટ્રી અને એકેડમીના ખ્યાતનામ વ્યકતાઓએ ફાર્મસીના અલગ-અલગ મુદ્દાઓ સમજાવ્યા હતા. GSPS એનએએ શ્રેણીક શાહ તથા જશુભાઈ ચૌધરી દ્વારા પણ બધાને ફાર્માસીસ્ટની ફરજો અને પાલન અંગે સમજ આપવામાં આવી હતી.

# વડાપ્રધાને અસમમાં મહાબાહુ-બ્રહ્મપુત્ર જળમાર્ગનું લોકાર્પણ કર્યુ



ન્યુ દિલ્હી, પ્રધાનમંત્રી મોદીએ આજે મહાબાહુ-બ્રહ્મપુત્ર જળમાર્ગનું લોકાર્પણ કર્યું, ધુબરી-ફુલબાડી પુલની આધારશિલા રાખી અને માજુલી સેતુના નિર્માણ માટે ભૂમિપૂજન કર્યું. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કાર્યક્રમમાં સામે થતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રિમોટ કંટ્રોલ બટન દબાવીને આ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યુ. પ્રધાનમંત્રી મોદીએ અહીં પોતાના સંબોધનમાં કહ્યું કે, બ્રહ્મપુત્રનો વિસ્તાર મિલનનું તીર્થ છે, આ નદી હંમેશા કનેક્ટિવિટીનો પર્યાય રહી છે. કેન્દ્ર અને આસામની સરકારે બ્રહ્મપુત્રની આસપાસના વિસ્તારમાં ભૌગોલિક સાંસ્કૃતિક રીતે કામ કર્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, અહીં કેટલીક સુવિધાઓને વાળા સેતુ બનાવવામાં આવ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે, આ પ્રોજેક્ટથી દેશના જવાનોને પણ સુવિધા મળશે. પીએમ મોદીએ કહ્યું કે, મજૂલીમાં પણ રોડનો ઝડપી વિકલ્પ મળશે, અહીં પુલ બની રહ્યો છે અને સાથે હેલિપોર્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે, આ સમગ્ર વિસ્તારમાં પોર્ટ ડેવલપમેન્ટને આગળ વધારવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, ૨૦૧૬માં તમારા માટે એક મતે કેટલું કરી બતાવ્યું, તમારા મતની તાકાત આસામને ઉંચાઈઓ પર લઈ જશે. આઝાદી બાદ આસામના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન નથી આપવામાં આવ્યું. અવ્યવસ્થા અને અશાંતિની પાછળ બેદરકારી દાખવવામાં આવી, ઈતિહાસમાં જે ભૂલ થઈ તેને અટલ બિહારી વાજપેયીજીના સુધારી અને અમે આગળ વધારી રહ્યા છીએ.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, આસામની આસપાસ દેશોની સાથે સંબંધોને કેન્દ્ર બનાવવામાં આવી રહ્યા છે, જેથી બાંગ્લાદેશ સહિત આસપાસના દેશો સાથે સીધુ કનેક્શન થઈ શકે. પીએમ મોદીએ કહ્યું કે, રોપેક સેવા દ્વારા હવે ૪૫૦ કિલોમીટરની સફર ૧૨ કિલોમીટરમાં ફેરવાઈ જશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આસામમાં એક ડેટા સેન્ટર બની રહ્યું છે, જે પૂર્વોત્તરના તમામ રાજયોને ઈન્ટરનેટની સુવિધા આપવામાં મદદ કરશે. પીએમ મોદીએ કહ્યું કે, રાજ્ય સરકાર દ્વાર કેટલાક એવા કામ કરવામાં આવ્યા છે, જેનાથી લોકોને રાહત મળી છે અને જે લાંબા સમયથી અટક્યા હતા.

## પંચમહાલ જિલ્લામાં મતદાનના દિવસે શ્રમયોગીઓને વિનામૂલ્યે રજા આપવાની રહેશે

ગોધરા, મદદનીશ શ્રમ આયુક્તની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ગોધરા નગરપાલિકા/જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને તા. ૨૮/૦૨/૨૦૨૧ના રોજ સવારે ૦૭.૦૦ વાગ્યાથી સાંજના ૦૬.૦૦ વાગ્યા સુધી મતદાન યોજાનાર છે, ત્યારે જે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ અસ્ટાબ્લિશમેન્ટ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડિશન્સ ઓફ સર્વિસ) એક્ટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગી/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજૂર કરવાની રહેશે. આ રજા બદલ કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહીં, જે કોઈ માલિક જોગવાઈ વિરૂદ્ધ વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

## દૈનિક રાશીફળ

તા.૧૯.૦૨.૨૦૨૧ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- હઠીલા સ્વાભાવને લઈને કોઇ લાભ ન ગુમાવો તેનું ધ્યાન રાખજો કર્મચારી વર્ગને સહકાર દેવાથી લાભ.
વૃષભ(બ.વ.ઉ.) :- ભાઈ ભાડુઓ સાથે વાદ-વિવાદથી દૂર રહેજો રોજીંદા કાર્યને વળગી રેહજો જીવનમાં ઉત્સાહ વધવાનો.
મિથુન(ક.છ.ઘ.) :- પરિવારના સભ્યોની જરૂરીયાતો વધવાની મિત્રોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું - રહેણાકના પ્રશ્નોમાં સફળતા.
કર્ક(ડ.હ.) :- વિદેશ વસતા સગા સંબંધીનો સહકાર રહેવાનો લખાણ દસ્તાવેજોના કાર્યોમાં સફળતા વાળો દિવસ રહે.
સિંહ(મ.ટ.) :- મોજશોખનું પ્રમાણ વધવાનું પરિવારના વડીલો સાથે સુમેળ વધે કાનૂની પ્રશ્નોમાં સમાધાન થાય સ્વાસ્થ્ય જાળવવું.
કન્યા(પ.ઠ.ણ.) :- પ્રિયપાત્ર સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો નોકરીમાં સફળતા મલવાની ધાર્મિક સંસ્થામાં હોદ્દો મલે.
તુલા(ર.ત.) :- ન ધારેલી સફળતા મલવાની આત્મવિશ્વાસ વધવાનો લગ્નજીવનમાં ગેરસમજો દૂર થવાની આવકની સાથે ખર્ચ પણ રહે. પ્રવાસ થાય.
વૃશ્ચિક(ન.ય.) :- કર્જ કરવાથી દૂર રહેજો પરિવારના સભ્યોને સહકાર દેવો. વિભાજન જેવા પ્રશ્નો ઉભા ન થાય તેનું ધ્યાન રાખવું વિદેશ જવાની તક મલવાની.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- કારણવગરના વિચારોથી ટેન્સન રહે. અંધશ્રધ્ધાથી દૂર રહેજો સાથીદારો સાથે સહકારની ભાવનું કેળવજો નાણાકીય બાબતોમાં સાવચેતી રાખવી.
મકર(ખ.જ.) :- આ સમય તમારે જાળવી લેવાનો છે જવાબદારીઓ લેવામાં જાળવવું પ્રતિષ્ઠા જળવાઇ રહે. નાણાકીય રીતે ટેન્શન રહે. વધુ પડતો કાર્યભાર હીતાવહ નથી.
કુંભ(ગ.શ.સ.) :- પ્રતિમા આપતા અવરોધો દૂર થવાના છે. નવી યોજનામાં લાભ મલવાનો તબીયત બાબત જાળવવું જીવન સાથીના સ્વાસ્થય બાબત ટેન્શન રહે.
મીન(દ.ચ.ઝ.) :- નોકરીમાં મનગમતી જગ્યા મલવાની પ્રતિષ્ઠા વધારો થવાનો રાજકીય રીતે લાભ મલવાના વિદેશ વસતા સગા સ્નેહીજનોની મુલાકાત થવાની.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહેદ પાલિકાના સફાઇકર્ચચારીઓએ કોરોનાની રસી મુકાવવા ઈન્કાર : તંત્ર અસમંજસમાં


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોનાના દર્દીઓ હવે બે આંકડામાં પણ નોંધાતા નથી. બીજી તરફ જિલ્લામાં બીજા તબક્કાનુ રસીકરણ પણ સરૂ થઇ ચુક્યુ છે, પરંતુ દાહોદ નગર પાલિકાના મહત્ત સફાઇ કર્મચારીઓએ કોરોનાની રસી મુકાવવાનો ઇનકાર કરી દેતાં આરોગ્ય અધિકારીઓ મૂંઝવણમાં મુકાઇ ગયા છે. હવે આ સફાઇકર્મીઓને રસી માટે પ્રોત્સાહિત કરવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

દાહોદ જિલ્લામાં કોરોનાનો ભય હવે ઓસરી રહ્યો છે.કારણ કે હવે કોરોનાના દર્દીનો આંક રોજે રોજ એક કે બે થી આગળ વધતો નથી. જેથી જનસામાન્યમાં હવે કોરોના નાબુદ થઇ ગયો હોય તેવી લાગણી સાથે રાહત ફેલાઇ ગયેલી જાવા મળી રહી છે. શુભ પ્રસંગોમાં પણ સામાન્યવત દ્રશ્યો જાવા મલી રહ્યા છે અને માસ્ક તેમજ સેનેટાઇઝર હવે ધીમે ધીમે જાણે લુપ્ત થઇ રહ્યા હોય તેમ જણાઇ રહ્યુ છે. જિલ્લામાં તારીખ ૧૬ જાન્યુઆરીથી કોરોનાનુ રસીકરમ કોરોના ફ્રન્ટ લાઇન વોરિયર્સને આપીને શરૂ કરવામાં આવ્યુ હતું.

હાલમાં પ્રથમ રાઉન્ડમાં આવા ૧૨૦૦૦ કરતા વધુ કોરોના વોરિયર્સને રસીકરણ પૂર્ણ કરી દેવામાં આવ્યુ છે અને પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઇ ગયો છે.કોરોની રસી બે તબક્કામાં મુકવામાં આવે તો જ તેની અસરકર્તા હોવાથી બીજો રાઉન્ડ પણ સમય મર્યાદામાં શરૂ કરી દેવાતાં હાલ સુદીમાં ૮૦૦ તી વધુ કર્મીઓને રસી મુકી દેવામાં આવી છે.કોરોના વોરિયર્સની સાથે સફાઇ કર્મીઓને પણ ફ્રન્ટ લાઇન કોરોના વોરિયર્સની શ્રેણીમાં મુકવામાં આવ્યા છે અને તેમનુ પણ રસીકરણ કરવાનુ પ્રાથમિક છે.જેથી દાહોદ નગર પાલિકા હસ્તક વિવિધ રીતે જોડાયેલા સફાઇ કર્મચારીઓને પણ કોરોના વેક્સિન મુકવા માટે આયોજન કરવામાં આવ્યુ હતું.

જેથી તેમને રસીકરણને કારણે કોઇ પણ આડ અસર થતી નથી અને કોઇ પણ પ્રકારનુ જોખમ નથી તેમ જણાવી રસીકરણની સમજ આપવા માટે એક બેઠકનુ આયોજન દાહોદ નગર પાલિકાના સભાખંડમાં જ કરાયુ હતું.જેમાં પાલિકાના સ્ટાફ સહિત જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના અધિકારીઓએ પણ રસીકરણ વિશે સમજ આપી હતી અને તેનાથી કોઇ પણ પ્રકારની આડઅસર થતી ન હોવાનુ જણાવાયુ હતું. ત્યારે આરોગ્ય વિભાગમાંથી પ્રાપ્ત માહિતી પ્રમાણે ૧૦૦ થી વધુ સફાઇ કર્મીઓ પૈકી માત્ર બે કર્મચારીઓએ રસીકરણ કરાવવા સંમતિ આપી હતી અને બાકીના તમામે રસીકરણ કરાવવા મામલે નન્નો ભણી દેતા આરોગ્ય તેમજ પાલિકાના અધિકારીઓ વિમાસણમાં મુકાઇ ગયા હતા.હવે ફરીથી તેમને પ્રોત્સાહિત કરવાની કામગીરીના ભાગરૂપ તેમનું કાઉન્સીલીંગ કરવામાં આવશે તેમ એડીએચઓ ડો.આર.ડી. પહાડીયાએ જણાવ્યુ હતુ.આમ સફાઇ કર્મીઓ રસી મુકાવશે કે ઇનકાર કરી દેશે તે હાલ કહેવુ અશક્ય છે.

ગેરસમજ દુર કરવી જરૂરી સફાઇકર્મીઓમાં રસીકરણ મામલે ઘણી ગેરસમજ પ્રવર્તિ રહી છે. જેથી આવી ગેરસમજ તેમના મન માંથી દુર કરવી જરૂરી છે.કારણ કે રસીકરણ મામલે વહેતા થયેલી સાચી ખોટી વાતોને કારણે જ સફાઇકર્મીઓ રસી મુકાવા તૈયાર ન હોવાથી પોલીસ વિભાગ સહિતના અન્ય વિભાગોના અધિકારીઓની મદદ લઇ સફાઇ કર્મીઓનો મોટીવેટ કરવામાં આવશે તેમ જાણવા મળ્યુ છે.

## દે.બારીઆ શહેરમાં ફરી સટ્ટા બેટીંગ કોની રહેમ નજર હેઠળ

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં છેલ્લા ચાર થી પાંચ માસથી સટ્ટા બેટીંગનો બે નંબરી ધંધો બંધ હતો અને આ ધંધામાં ખાસ્સી કમાણી જુગારીયાઓ તથા પોલીસ તંત્રને થાય છે. જેથી આવી બેનામી આવક માટે તો ગુસ આપીને મલાઈદાર જગ્યા મેળવવા માટે પડાપડી થાય છે. શહેરમાં પોલીસ તંત્ર અને સટ્ટા બેટીંગના મુખ્ય ખીલા વચ્ચે ભરણ અંગેની મડાગાંઠ તથા આ સટ્ટા બેટીંગનો ધંધો બંધ કરાવવામાં આવ્યો હતો. સ્થાનિક અને ઉપરની પોલીસનું ભરણ પણ બંધ હતું. તેવું સટોડીયાઓમાં ચર્ચાઈ રહ્યું હતું. પરંતુ ચાલુ સપ્તાહ થી સમજૂતી થતાં બિંદાશ પણે સટ્ટા બેટીંગનો ધંધો ફૂલો ફાલ્યો છે. કારણ આગળ આઈ.પી.એલ. ક્રિકેટ ખેલાવવાની છે. તેમાં તો સટોડીયાઓની તેજી હોય છે. સટોડીયાઓ દોઢ થી બે લાખ રૂપીયા ભરણ ભરવા ખર્ચ કરતા નથી. જેથી આ સાઈડ ઈન્કમ કોણ જવા દેવા માટે રાજી થાય, દારૂ, જુગાર, રેતી માફિયાઓના ભરણ વર્ષોથી ચાલતા હોય છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. જેથી આઈ.ટી.વિભાગ ટ્રાફિક પોલીસ થી માંડીને ઉપલા અધિકારીની સાઈડ ઈન્કમની તપાસનો દોર ચલાવે તે અંગેની તટસ્થ તપાસ અને નિષ્પક્ષ તપાસનો દોર કરાય તો કરોડોની સાઈડ ઈન્કમનો પર્દાફાશ થાય તો નવાઈ નહીં. છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન ભ્રષ્ટાચાર વધી જવા પામ્યો છે. પોલીસ તંત્રમાં સૌથી વધુ છે. ભ્રષ્ટાચાર નાબૂદી મોટા સ્લોંગી અને સેમિનાર થાય છે. અંગે પાસપોર્ટની તપાસમાં પણ ૨૦૦રૂા. આપણા ભારત દેશને ખોખલો કરી દેશે તેની ભારતવાસીઓને ચિંત નથી. આને દેશની વફાદારી ના કહેવાય ખોખલા અને ખોટા દાવા કરવા તે આપણને શોભતું નથી ને નથી.

## ઝાલોદ બાયપાસ ઉપર દારૂ ભરેલ કાર સાથે થયેલ અકસ્માતમાં મરણજનાર વ્યકિતઓના પરિવારે ગોળી મારી હત્યા કરાયાનો આક્ષેપ

ઝાલોદ,

ઝાલોદ બાયપાસ પર બુધવાર ની સવારે દારૂ ભરેલી ગાડી અને ઉભેલી પિક અપ વચે ધડાકાભેર અકસ્માત થયો હતો. જેમાં દારૂ ભરેલી ગાડી સળગી જતા, તેમાં સવાર બે જેટલા ઈસમો એ ભડથું બની અને જીવ ગુમાવ્યો હતો. આ બનાવમાં બંન્ને બળીને મૃત્યુ પામેલ વ્યક્તિઓનો ઓળખ છતી થવા પામી હતી અને તેમના પરિવારજનો દ્વારા પોતાના વ્યક્તિઓને ગોળી મારી હત્યા કરી હોવાના આક્ષેપો સાથે ઝાલોદ પોલીસ મથકે આવી ભારે હોબાળો મચાવ્યો હોવાનું સામે આવ્યું છે.

ઝાલોદના બાયપાસ હાઈવે ખાતે ગતરોજ ગમખ્વાર માર્ગ અકસ્માતમાં વિદેશી દારૂ ભરેલ આઈ ટ્વેન્ટી ગાડીમાં જોતજોતમાં આગ ભભુકી ઉઠી હતી અને ગાડીમાં સવાર બે વ્યકિતઓ આગની પલેટમાં આવી જતાં ગાડીમાંજ ભડથું થઈ મોતને ભેટલ હતાં. પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી જે અંગે પોલીસ દ્વારા જીવ ગુમાવનાર બંન્ને વ્યક્તિની ઓળખ છતી કરવાના ધમપછાડા બાદ જેમાં મોબાઈલ દ્વારા તપાસ કરતા મરણ જનાર એક વ્યક્તિની ઓળખ ૩૨ વર્ષીય મહેશ કાનજી સંગાડા (રહે. ગોવાળી તા. મેઘનગર જી. ઝાબુઆ, મધ્ય પ્રદેશ) તરીકે ની થઈ હતી. જે પંદર દિવસ પહેલા છૂટક મજૂરી અર્થે સુરત ખાતે ગયેલ હતો. પોલીસ દ્વારા આ ઘટના અંગે ની જાણ કરતા જ પરિવાર જનો ઝાલોદ ખાતે આવી ગયા હતાં અને ઓળખ છતી કરી હતી. લાશ જોતા જ પરિવારજનો એ મહેશ પર ગોળી મારી હોવાનો આક્ષેપ કર્યો હતો. બીજી તરફ પરિવારજનો દ્વારા લાશ લેવાનો પણ ઈનકાર કરી દીધો હતો. લાશનું પી.એમ. પણ કરાવવાનો પરિવારજનો દ્વારા ઈનકાર કરી દિધો હતો. જેને લઈને પોલીસ તથા પરિવારજનો વચ્ચે ચકમક પણ જોવા મળી હતી અન્ય એક ઈસમ સુરતનો શ્યામ કિશનભાઇ (રહે. કામરેજ સુરત) હોવાનું પ્રતિત થયું હતું. પરિવારના સ્વજન રાજુ સંગાડા દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં હતાં કે, અમારા કાકા ને માથા ના તથા હાથ ના ભાગે ગોળી મારી અને હત્યા કરેલ છે તથા ગોળી પણ સરીર માંથી નિકાળી દીધેલ છે જે અંગે અમે યોગ્ય તપાસની માંગ કરીએ છીએ, તેમ જણાવ્યું હતું. આ મામલો આગામી દિવસોમાં કેવું રૂપ ધારણ કરશે તે જોવાનું રહ્યું.

## દે.બારીઆમાં ભારતીય ચલણના રૂા.૧૦ના સિક્કા ન સ્વીકારાતા દુકાનદારો



દે.બારીઆ,

દે.બારીઆ તાલુકામાં બે થી ત્રણ વર્ષ અગાઉ રૂા.૧૦ના સિક્કા કોઈ દુકાનદાર અથવા ગ્રાહક લેવા માટે તૈયાર થતો ન હતો. જ્યારે આ અંગે મિડીયામાં અહેવાલ પ્રકાશીત થયા તો જીલ્લાપદના અધિકારીઓએ સંગ્યાન લઈ એકપ્રેસ નોટ બહાર પાડી હતી કે, ભારતીય ચલણનો રૂા.૧૦નો સિક્કો લેવા માટે આનાકાની કરશે તો તે વ્યકિત અથવા સંસ્થા સજાને પાત્ર છે. જેથી અમુક જીલ્લા અને તાલુકાના ઉમેદવારો કરનારાઓ એ ૧૦ના સિકકાના રૂપમાં પોતાની ડીપોઝીટ જમા કરાવી હતી.

મળતી માહિતી મુજબ દે.બારીઆ શહેરના એક વોટર સપ્લાયર્સના વેપારી પાસેથી બરોડા બેંક તેમજ એકસીસ બેંક તથા પેટ્રોલ પંપના સંચાલકો રૂા.૧૦ના ભારતીય ચલણના સ્વીકારયા નથી. કારણ કોઈ એ બતાવ્યો નથી. શું બેંકના કર્મીઓ ગણવાની મહેનત કરવી પડે તે માટે સ્વીકાર કરતા નથી કે પછી કોઈ રીર્ઝવ બેંકનો પરિપત્ર થયો છે. તે બતાવે અધિકારીઓ તટસ્થ તપાસ કરશે ? તેવી વેપારી ભાઈએ તથા આમ જનતાની માંગણી ઉઠવા પામી છે.

## દાહોદ જીલ્લામાં વરસાદ સાથે કરા પડતાં ખેડુતો ચિંતીત : વાતાવરણમાં ઠંડક પ્રસરી



દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં આજરોજ વહેલી સવારથીજ વાદળછાયું વાતાવરણ નજરે પડતું હતું ત્યારે ઘણા ગામો તેમજ તાલુકાઓમાં કમોસમી વરસાદ સાથે બરફના કરા પડતાં વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી. આ કમોકમી અમી છાટાને કારણે ખેડુત આલમમાં પણ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે બીજી તફર હવામાન વિભાગ દ્વારા તારીખ ૧૮ થી ૨૧ ફેબ્રુઆરી સુધી આવું વાતાવરણ રહેશે તેવી આગાહી પણ જાહેર કરી છે.

આજ વહેલી સવારથી જ દાહોદ જિલ્લામાં ઠંડી સાથે વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. બપોર બાદ એકાએક વાતાવરણમાં પલ્ટો આવતાં કાળા વાદળો સાથે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. દાહોદ તાલુકાના કતવારા, બોરખેડા, લીલર, ખંગેલા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ સાથે બરફના કરા પડતાં લોકોમાં કુતુહલ પણ સર્જાયું હતું. એકક્ષણે આ સ્થળોએ સિમલા, મનાલી જેવો માહોલ જોવા મળ્યો હતો. આ હિમ વર્ષાને પગલે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. તો બીજી તરફ આ કમોસમી વરસાદને કારણે ખેડુતોની ચિંતામાં વધારો કરી દીધો છે. ખેડુતોને પાકમાં પાકને નુકસાન થવાની ચિંતા ખેડુતોમાં જોવા મળી હતી. હવે આગામી કેટલા દિવસો સુધી આવું વાતાવરણ રહેશે તે જોવાનું રહ્યું.

## દાહોદ જીલ્લામાં શરૂ થયેલ ધો.૬ થી ૮ના વર્ગમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાતમાં આજથી ધોરણ ૬ થી ૮ના વર્ગો શરૂ થયા છે. આ સાથે જ દાહોદ જિલ્લામાં પણ આ વર્ગો શરૂ કરવામાં આવ્યાં હતાં. જિલ્લામાં ધોરણ ૬ થી ૮માં કુલ ૧,૧૭,૨૩૯ વિદ્યાર્થીઓ છે. આજે પ્રથમ દિવસે શાળામાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી. ત્યારે બીજી તરફ કોવિડ – ૧૯ ના નિયમોનું પાલન કરાવી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

ગુજરાતમાં ધોરણ ૬ થી ૮ના વર્ગો શરૂ કરવાના આદેશો સાથે જ દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા આ શાળાઓને ચાલુ કરવાના ભાગરૂપે આગોતરી તૈયારીઓનો આરંભ કરી દીધો હતો. દરેક શાળાઓમાં, વર્ગખંડોમાં વિગેરે શાળાકિય સ્થળોએ સાફ – સફાઈ સહિત સેનેટરાઈઝરીંગની કામગીરી કરવામાં આવી હતી. શાળામાં બાળકોને ફરજીયાત માસ્ક અને સેનેટરાઈઝનો ઉપયોગ કરવા પણ જણાવાયું છે. આજે દાહોદ જિલ્લામાં પ્રથમ દિવસે બાળકોની હાજરી પાંખી જોવા મળી હતી, પરંતુ આવનાર દિવસોમાં બાળકો રાબેતા મુજબ ફરી શાળાઓમાં જોડાશે તેવી શિક્ષણ વિભાગ દ્વારા આશા પણ વ્યક્ત કરાઈ હતી.

## દાહોદના આરજે હર્ષ ભટારીયા યુનિસેફની ગુજરાતની યુવા ટીમમાં પસંદગી



દાહોદ,

વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતની ૪૮.૧૩ ટકા વસ્તી ૨૪ વર્ષથી નીચેના યુવાઓની છે. આ યુવા વયે જ વ્યક્તિને યોગ્ય દિશા માર્ગદર્શન મળે તો ઉમદા કારકિર્દી ઘડી શકે છે અને સમાજમાં પણ નોંધપાત્ર પ્રદાન કરવા સક્ષમ બને છે. આજે દાહોદના જ આવા યુવાની અને યુનીસેફની યુવાઓને આગળ લાવવા માટેની પહેલની વાત કરવાની છે.

દાહોદનો ૨૪ વર્ષનો યુવાન હર્ષ ભટારીયા. તેણે બીઇ મીકિનિકલ સુધી અભ્યાસ કર્યો છે અને દાહોદમાં કોમ્યુનિટી રેડિયોમાં આરજે તરીકે કામ કરી રહ્યો છે. હર્ષ ભટારીયાનું તાજેતરમાં જ યુનિસેફ દ્વારા ગુજરાત યંગ એકશન ટીમમાં પસંદગી કરવામાં આવી છે. યુનિસેફ દ્વારા યુવાઓને સામાજિક–આર્થિક તકોને ઝીલી લેવા સક્ષમ બનાવવા તેમજ સામાજિક પરિવર્તન માટે તૈયાર કરવા માટે યુવા નામનો કાર્યક્રમ વર્ષ ૨૦૧૯ થી શરૂ કરવામાં આવ્યો છે અને આ માટે ગુજરાતના ૧૪ યુવાનો જે સમાજને ઉન્નત દિશા તરફ લઈ જવા માટે કાર્યરત હોય તેમની ટીમ બનાવવામાં આવી છે. જે યુનિસેફની આ પહેલમાં પોતાનો રચનાત્મક સહયોગ આપશે. દાહોદ માટે આ વાત ગૌરવરૂપ છે.

દાહોદનો હર્ષ ભટારીયા નાની ઉંમરથી જ સામાજિક પ્રદાન માટે જાગૃત અને સક્રિય છે. દાહોદમાં વૃક્ષારોપણ–પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમમાં તે સક્રિય ભાગ લે છે. ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને અભ્યાસમાં માર્ગદર્શન આપે છે. કોમ્યુનિટી રેડિયો પર લોકોને સામાજિક–આર્થિક રીતે જાગૃત કરવા વિવિધ કાર્યક્રમો આપે છે. કોરોના સમયમાં પણ હર્ષે લોકજાગૃતિ માટે સક્રિય ફાળો આપ્યો હતો. તેણે દાહોદમાં લોકો કોરોના બાબતે સાવધાની દાખવે તે માટે દાહોદનું સૌપ્રથમ કોરોના એન્થમ બનાવ્યું તેમજ ગાયું હતું. જેણે દાહોદના યુવાઓમાં ધૂમ મચાવી હતી. જિલ્લા વહિવટી તંત્ર અને આરોગ્ય તંત્ર દ્વારા પણ હર્ષની કામગીરીને બિરદાવવામાં આવી છે.

આગામી ૨૩ ફેબ્રુઆરીએ વર્લ્ડ રેડિયો દિવસ નિમિત્તે દિલ્હી ખાતે અખિલ ભારતીય કમ્યુનિટિ રેડિયો અધિવેશન યોજાયું હતું. તેમાં પણ હર્ષ ભટારીયાએ ભાગ લીધો હતો. તેમાં એક પેનલમાં તેની પસંદગી થઇ હતી.

## દે.બારીયાના સાગારામા ગામે યુવકની લાશ મળતાં ચકચાર : પ્રેમ પ્રકરણમાં હત્યા થઈ હોવાની ફરીયાદ

દે.બારીયા,

દે.બારીયાના સાગારામાના ૪૫ વર્ષીય યુવાનની મોઢાના ભાગે ધારદાર હથિયારથી ઘા કરી કરપીણ હત્યા કરતા પંથકમાં ચકચાર–પ્રેમ પ્રકરણમા હત્યા થ હોવાની ફરીયાદ દાખલ થતા પોલીસ તપાસે હાથ ઘરી.

પ્રાપ્ત માહિતી મુજબ દે.બારીયા તાલુકાના સાગારામા ગામે રહેતા કાન્તીભાઇ લખાભાઈ વણકર ઉ.વ.૪૫ના ઓને પોતાની પત્ની જસીબેન તેમજ પુત્ર સાથે સાગારામા ગામે રહે છે. તેઓને છેલ્લા દશેક વર્ષથી વિરોલ ગામની એક યુવતી સાથે પ્રેમ પ્રકરણ ચાલતુ હોવાથી તે અવાર નવાર ત્યાં જતો હતો અને તે યુવતીને ઘર બનાવી આપી તેના ઘરનું પુરૂ પણ કરતો હતો. ત્યારે આ કાન્તીભાઈની પત્ની કંઈક કહેતી તો તે કહેતો કે જો વિરોલ ગામમાં જમીન ગરો રાખેલ છે જેની ત્યાં ખેતી કરવા જાવ છુ ત્યારે આ કાંન્તીભાઈ તે યુવતીના ઘરે ક્યારેક જતો રહેતો તો રાત્રીના પણ પાછો આવતો ન હતો. ત્યારે ત્રણેક દિવસ થયેલા આ કાન્તીભાઈ ને જે યુવતી સાથે પ્રમ પ્રકરણ ચાલતુ હતુ તે અને તેના બે ભાઈ આ કાન્તીભાઈના ઘરે આવેલા તે વખતે તેના ઘરે તેની પત્ની જશીબેન તેમજ તેની બે છોકરી જાગૃતિ તેમજ વર્ષા હાજર હતા. ત્યારે આ યુવતીએ કાન્તીની પત્નિ જશીબેનને કહેલ કે તારા પતિ અને મારે દશ વર્ષથી પ્રેમ સંબઘ ચાલે છે તો મને રાખી લે નહી તો તેને હુ મરાવી નાખીશ તેમ કહેલ ત્યારે તેના બે ભાઓએ પણ કહેલ કે આ યુવતીને તારો પતિ પત્ની તરીકે રાખવા લઈ જાય અને જો પત્ની તરીકે રાખવા નહી લઈ જાય તો અમે ભેગા મળી તેને પુરો કરી દઈશું. તેવી ધમકીઓ આપી ત્રણે જણા જતા રહેતા ત્યારે કાન્તી ઘરે આવતા તેની પત્નીએ આ બાબત ધમકી વાળી વાત કરતા તે માનેલ નહી અને તા.૧૭.૨.૨૧ ના રોજ રાત્રે જમીને મોટર સાયકલ લઈને જતો હતો અને રાત્રીના ઘરે આવેલ નહી અને સવારે નવેક વાગ્યાના કાન્તીભાઈ કુટુંબીને તેની પત્નીને કહેલ કે કાન્તી ગલ્લાની નજીકમાં મોટર સાયકલ સાથે લોહીલુહાણ હાલતમાં પડેલ છે. જેથી તેની પત્ની તેમજ તેના પરીવારના લોકો ત્યાં જ જોતા કાન્તીભા પગદંડી રસ્તા ઉપર મોટર સાયકલ નીચે એક પગ દબાયેલ હાલતમાં પડેલ હતો. અને તેના મોઢા ઉપર ધારદાર હથિયારથી માર મારતા મૃત્યુ પામેલ હાલતમાં પડેલ હતો. જેથી તેના ગામના અન્ય માણસો આવ્યા આ બાબતે પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી લાશનું પંચનામુ કરી લાશને પીએમ અર્થે મોકલી આપી મરણ જનાર કાન્તીભાની પત્ની જશીબેને પોલીસ મથકે તેના પ્રેમપ્રકરણ જે યુવતી સાથે હતો તેને ત્રણ દિવસ અગાઉ ધમકીઓ આપેલ. યુવતી તેમજ તેના બે ભાઈઓએ મળી કાન્તીભાઈને મારી નાખ્યો હોવાની ફરીયાદ આપતા પોલીસે હાલ તે દીશામાં તપાસ હાથ ધરી છે.

## દાહોદ ગરબાડા ચોકડી પાસે ઈન્ડીગો કાર માંથી ૨૫ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ શહેરની ગરબાડા ચોકડી પાસેથી પોલીસે એક ટાટા ઈન્ડિગો ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા.૨૫,૩૮૦ના જથ્થા સાથે ગાડી મળી કુલ રૂા.૧.૨૫.૩૮૦નો મુદ્દામાલ કબજે કરી ચાલકની અટક કરી હોવાનું તેમજ આ વિદેશી દારૂ ભરી આપનાર ઈસમ વિરૂધ્ધ પણ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દાહોદ શહેર પોલીસ ગતરોજ શહેરની ગરબાડા ચોકડી પર આવતાં જતાં નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતી હતી. તે સમયે ત્યાંથી એક ટાટા ઈન્ડિગો ફોર વ્હીલર ગાડી પસાર થતાં તેના પર શંકા જતાં પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાંની સાથે તેને ઉભી રખાવી તેની તલાસી લેતાં ગાડીમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો મળી આવી હતી અને આની કિંમત રૂા.૨૫,૩૮૦નો પ્રોહી મુદ્દામાલ સાથે ગાડી મળી કુલ રૂા.૧,૨૫,૩૮૦નો મુદ્દામાલ પોલીસ કબજે લઈ ચાલક ગોવિંદભાઈ છગનભાઈ અમલીયાર (રહે.મુવાલીયા, હજારીયું ફળિયું, તા.જિ.દાહોદ)ની અટક કરી તેની પુરપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો નરેશભાઈ રમણભાઈ ભાભોર (રહે.વરમખેડા,તા.જિ.દાહોદ) નાએ ભરી આપ્યો હોવાનું કબલ્યું હતું.

આ સંબંધે દાહોદ શહેર પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણી જીલ્લા-તાલુકા અને પાલિકા માંથી ૭ બીજેપી ઉમેદવાર બિનહરીફ થયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીઓની તૈયારીઓ તમામ પક્ષો દ્વારા પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાંથી કુલ ૦૭ ભાજપના ઉમેદવારો બીન હરીફ ચુંટાઈ આવ્યાં છે.

દાહોદ જિલ્લામાં ઉમેદવારી પત્રો ખેંચવાની છેલ્લા તારીખે જિલ્લા, તાલુકા અને પાલિકા આલમમાં ભારે કુતુહલ સાથે ભારતીય જનતા પાર્ટીમાંથી અત્યાર સુધી કુલ ૦૭ ઉમેદવારો બિન હરીફ ચુંટાઈ આવતાં બીજેપ મોવડી મંડળમાં હાલ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ઘણા ઉમેદવારોએ ફોર્મ ખેંચી લીધા તો ઘણાના ફોર્મ ચુંટણી અધિકારી દ્વારા વિવિધ કારણોસર રદ્દ પણ કર્યાં હતાં. દાહોદ જિલ્લામાંથી બીજેપીના જે ૦૭ ઉમેદવારો બિન હરીફ ચુંટાઈ આવ્યાં તેમાંથી દાહોદ તાલુકા પંચાયતની ૩૫ – ઉસરવાણમાંથી ગૌરીબેન વાવનભાઈ રાઠવા,સીંગવડ તાલુકા પંચાયતમાંથી ૧૧ – પતંગડીમાંથી જશોદાબેન દિનેશભાઈ બારીઆ, ધાનપુર તાલુકા પંચાયતમાંથી ૧૨ – માંડવમાંથી ખુમસીંગભાઈ નરસુભાઈ તડવી,લીમખેડા તાલુકા પંચાયતમાંથી ૧૯–પાણીયાના રૂપસીંગભાઈ પારૂલભાઈ માવી, લીમખેડા તાલુકા પંચાયતના ૨૦–પોલીસીમળના શરમાબેન જયપાલભાઈ મુનીયા તેમજ દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૦૪માંથી રીનાબેન ધર્મેન્દ્રકુમાર પંચાલ અને ઝાલોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૦૫માંથી પંથભાઈ હિરેનભાઈ પટેલ ભાજપામાંથી બિન હરીફ ચુંટાઈ આવ્યાં હતાં.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 151

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર



# પંચમહાલ સમાચારની ગોધરા નગર પાલિકા વિસ્તારોમાં ગ્રાઉન્ડ રિપોર્ટ આપતી લોકપ્રશ્નોની શ્રેણીનો પ્રારંભ

ગોધરા નગર પાલિકાની ચુંટણીના બ્યુગલ ફુંકાઈ ચુકયા છે. પાંચ વર્ષ દરમ્યાન પોતપોતાના રહેણાંક વિસ્તારના પ્રશ્નોને વિકાસ સ્વરૂપે કેટલીક વાચા મળી છે. તેનાથી સંતોષ છે કે કામગીરી અધુરી રહેતા અસંતોષ છે. હવે આગામી પાંચ વર્ષ માટે હજુ પડતર પ્રશ્નોના ઉકેલ છે કે નવી અપેક્ષાઓ જેવી લાગણીઓ ઉદ્દભવી સ્વભાવિક છે. ત્યારે ગોધરાવાસીઓ વિકાસના મુદ્દે લેખાજોગા કરી રહ્યા છે. જેના ભાગરૂપ પંચમહાલ સમાચારે પ્રજા લાગણીઓને વાચા આપીને પ્રશ્નોના નિરાકરણ સાથે નગરવાસીઓને વિકાસ અને સુવિધાઓ મળી રહે તેનો નમ્ર પ્રયાસ કરીને કુલ-૧૧ જુદા જુદા વોર્ડના વિવિધ સોસાયટી વિસ્તારોમાં ગ્રાઉન્ડ રિપોર્ટ આપતી લોક પ્રશ્નોની શ્રેણી આજથી શરૂ કરવામાં આવી છે. આ દૈનિકના વાચકો એ વિકાસલક્ષી અહેવાલને નિષ્પક્ષપણે રજુ કરતી આ વોર્ડ શ્રેણીને આવકારીને પોતાના રહેણાંક સોસાયટીના પ્રશ્નો અંગે રજુઆત કરી રહ્યા છે. જેનાથી આશા છે કે ચુંટણી પરિણામ બાદ લોકપ્રશ્નો ઉકેલાશે. અને વિકાસમાં સહભાગી બન્યાનો વિનમ્ર ગર્વ અનુભવશે.

## વોર્ડ નં.૧ — વોર્ડ નં.૧માં ભૂગર્ભ ગટર લાઈનનું અસ્તિત્વ છે ખરું ?

ગોધરા, લોક પ્રશ્નોની શ્રેણીના ભાગરૂપ ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૧માં મુલાકાત લેવામાં આવી હતી. અહીં ભુરાવાવ ચોકડી થી ભૌગોલિક વિસ્તાર ધરાવે છે. જેમાં ડોડપા ફળીયા, વાગીયાવાસ, ઝુલેલાલ સોસાયટી, એસ.આર.પી., અબ્રાહમ પટેલના મુવાડા, ખાડી ફળીયા, હુસેની મસ્જીદ વિસ્તાર, મારવાડીવાસ વગેરે આવેલા છે. ગત ટર્મમાં ભાજપા પ્રેરીત ચાર સભ્યોએ પોતાના વિસ્તારોમાં વિકાસના કામો કરવામાં આવેલા છે. ત્યારે બાકી રહેતા પ્રશ્નોમાં જોવા જઈએ તો વિવિધ સોસાયટી તથા ચાલીઓમાં ભૂર્ગભ ગટર લાઈનનો સળગતો પ્રશ્ન છે. છેલ્લા ૭-૮ વર્ષથી કેટલાક સ્થળો એ કામગીરી અધુરી છોડવામાં આવી છે. તો ક્યાંક લાઈનના જોડાણ રહેણાંક સાથે જોડવામાં આવેલા નથી. પરિણામે ઠેર-ઠેર નાની નીક જેવી ગટરોથી પ્રજાને સંતોષ માનવું પડી રહ્યું છે. ગીચ વસ્તી ધરાવતા રહેણાંક વિસ્તારોની આ નીક સાંકડી થયેલી છે. તો ક્યાંક દબાણો જોવા મળે છે. આ નીકની સાફસફાઈના અભાવે ગંદકી ભરાયેલી હોવાના કારણે રોજીંદા ગંદા પાણી જાહેર રસ્તાઓ ઉપર રેલાઈને મીની તળાવો આકાર લેતા આવતાં જતાં રાહદારીઓને મુશ્કેલી માંથી પસાર થવું પડે છે. તેવી રીતે દુર્ગંધ પ્રસરાતા રહિશો ત્રાહિમામ પોકારી ઉઠેલા છે. તો વળી, રસ્તાઓ પણ તૂટફૂટ હાલતમાં જોવા મળી રહ્યા છે.

### -: ખાડી ફળીયા :-




આ વિસ્તારમાં હુસૈની મસ્જીદ, ઉમરવાસ, નાડીયાવાસ, કુદરત શાહનો, અમર સોસાયટી સહિતની હિંદુ -મુસ્લીમ સમાજ વસે છે. આ વિસ્તારોમાં માત્ર નામપૂરતી તે પણ ખુલ્લી અને નાની જ ગટર લાઈન છે. ભૂર્ગભ ગટર યોજનાનું નામો નિશાન જોવા મળતું નથી. નગર પાલિકા દ્વારા ૮-૮ વર્ષથી યોજના ચાલી રહી હોવા છતાં આ વિસ્તારના રહિશોને સુવિધાનો લાભ મળ્યો નથી. એકદમ નાની નીક આકારની ગટર લાઈન છે. તેમાં આસપાસ માંથી કચરો ઉડીને પડતાં ગટર લાઈન ચોકઅપ થવાની સાથે પાણી રોડ ઉપર રેલાય છે. કોન્ટ્રાકટર દ્વારા અહીં કેટલાક સ્થળો એ બનાવેલ આ લાઈનને રહેણાંક સાથે જોડાણ આપવામાં આવ્યું નથી. અનેકવાર રજુઆત કરવા છતાં વોર્ડ નં.૧ના મુખ્ય ગણાતા ગટર લાઈનના પ્રશ્ન બાબતે નગર પાલિકા ઉદાસીનતા સેવીને અગવડતા વેઠવી પડતા રોષની લાગણી વ્યાપેલી જોવા મળે છે. આવા સમયે એક જોડાણ અભિયાનરૂપ ચલાવવામાં આવે તો ગટર લાઈન પ્રશ્નનો અંત આવે.

### -: સિંદુરી માતા મંદિર વિસ્તાર :-

આ વિસ્તારમાં ગટર લાઈનોનો સદંતર અભાવ વર્તાઈ રહ્યો છે. અહીં આવેલા એપીએમસી માર્કેટની સંરક્ષણ દિવાલ તૂટ્યા બાદ ફરી થી બનાવવામાં નહીં આવતાં લોકો ગંદકી અહીં ફેંકી જાય છે. વળી, સવાર-સાંજ અસામાજીક તત્વોનો અડ્ડો બનતા લોકો પણ ભારે નારાજગી વ્યકત કરી રહ્યા છે. તેની પાસે બનાવવામાં આવેલ વરસાદી પાણીની કાંસમાં બારેમાસ ગંદકી યુકત પાણી ભરાયેલું હોવાથી મચ્છરોનો ત્રાસ વર્તાઈ રહ્યો છે. જ્યારે રેલ્વેનો પ્રવેશ વિસ્તારમાં આજ થી ૧૨ વર્ષ પૂર્વે પાલિકા દ્વારા બનાવવામાં આવેલ જાહેર શૌચાલય શોભાના ગાંઠીયારૂપ બનેલું છે. બાંધકામ સામગ્રી તૂટફુટ થઈને ઉપયોગી નહીં બનતા પાલિકાનો ખર્ચ વ્યર્થ નિવડ્યો છે. સામે આવેલા રેલ્વે તળાવ પણ સફાઈ કરવામાં આવતી નથી. જેનાથી વરસાદી પાણી પણ શિયાળામાં ભરાયેલું જોવા મળે છે.

### -: વણઝારા પાર્ટી પ્લોટ :-




ચુંટણી પૂર્વે પાર્ટી પ્લોટ રોડને માટી મેટલ કામગીરી કરવામાં આવીને મતદારોને લુભાવવાનો પ્રયાસ કર્યો છે. હાલમાં, હાઈવે નજીક રસ્તો અધુરો છોડવામાં આવતાં લોકોને મુશ્કેલી પડે છે. જોકે, દર ચોમાસામાં કાદવ-કીચડ સર્જાતો હોવાથી આર.સી.સી. રોડ બનાવવાની માંગ કરી રહ્યા છે. લક્ષ્મી નગર તથા આસપાસના વિસ્તારમાં પાણીની મુખ્ય સમસ્યા છે. અગાઉ પાણી ન આવતાં ખોદકામ કરીને નવેસર થી પાઈપ લાઈન સાથે જોડાણ આપવામાં આવ્યા છતાં લેવલીંગ નહીં જળવાતા પાણીનો યથાવત પ્રશ્ન રહેવાથી મહિલાઓને રાત્રીના ઉજાગરા કરવા પડી રહ્યા છે. તેમ છતાંયે પુરતું પાણી ન મળતા તળાવના પાણીના ઉપયોગ થી અરૂણાબેન નાઈ, રમીલાબેન વણઝારા, રક્ષાબેન નાઈ સહિતની મહિલાઓ ત્રાહિમામ પોકારી ઉઠેલ હોવાના કારણે ચુંટણી ટાણે ''પાણી નહીં તો વોટ નહીં'' તેવો બળાપો વ્યકત કરી નિર્ધાર કર્યો છે. રસ્તા તોડફોડ કર્યા બાદ તેને સમતલ કે કાટમાળ ખસેડવામાં નહીં આવતાં લોકોને દિકકત પડી રહી છે. ચોમાસામાં ડોડપા તળાવ ઉભરાય છે. તો જેસીબી થી તળાવની પાળીને તોડી નિકાલ કરવામાં આવતાં આસપાસની વિવિધ સોસાયટીમાં ઘસમસતા પાણી ફરી વળીને ઘરમાં ઘુસી જાય છે. દિવસો સુધી પાણી ભરાઈને મીની તળાવ સર્જાયેલા રહે છે. વેરો ભરવા છતાં રોજીંદા પાલિકા દ્વારા સાફસફાઈ કરવામાં આવતી નથી. તો સફાઈ વેરો કેમ ભરાય તેવા લોકો પ્રશ્નો કરી રહ્યા છે.

### -: મારવાડીવાસ :-



અહીં છેલ્લા કેટલાક સમયથી સ્ટ્રીટ લાઈટનો અભાવ હોવાથી રાત્રિના અંધકારમયને લીધે લોકોને મુશ્કેલી પડી રહી છે. છેલ્લા છ માસ ઉપરાંત થી રજુઆત કરવા છતાં લાઈટ અપાઈ નથી. ઠેરઠેર રસ્તાઓ ઉપરના રહિશો એ પતરાનો શેડ, કંપાઉન્ડ વોલ, પાકુ બાંધકામ કરીને દબાણો કરવામાં આવેલા છે. જેનાથી એમ્બયુલન્સ આવી શકે તેમ નથી. જેથી કલેકટરને રજુઆત કરવા છતાં પ્રશ્ન તેમને તેમ છે. જોકે, તંત્ર એ નોટીસો પાઠવીને સંતોષ માન્યો છે. પરંતુ દબાણો દુર કરવાની કામગીરી સ્થળ પર આવીને કરી નથી. અહીં છેલ્લા કેટલાક સમયથી દુષિત પાણી આવતાની ફરિયાદો છે. ભૂર્ગભ ગટર લાઈનના અભાવે ઘરના આંગણે પસાર થતી નાની નીકમાં સફાઈના અભાવે રોજીંદા ગંદા પાણીથી ઉભરાઈને રોડ ઉપર ખાબોચીયા ભરાઈને લોકોને તકલીફ પડી રહી છે અને ચોમાસા જેવો માહોલ બને છે. રસ્તાની વચોવચ પસાર થતી નીકની આસપાસ લોકોએ દબાણ જમાવવા માટે પત્થરરૂપ રોડને તોડફોડ કર્યા બાદ તંત્ર એ વ્યવસ્થીત સુવિધા પુરી નહીં પાડતા નારાજગી લોકોમાં છે.

| ભાજપના ઉમેદવારો | કોંગ્રેસના ઉમેદવારો |
|---|---|
| ગોવિંદભાઈ નાયક | પિંકીબેન વિશાલપુરા |
| દિવાબેન પરમાર | રાજેશ હડીયલ |
| સુનિલ લાલવાણી | રોજનભાઈ ભેદી |
| હંસાબેન વાઘેલા | હિના યુસુફ શેખ |

### -: ડોડપા ફળીયા :-




તળાવની સામે આવેલા જાહેર શૌચાલય બન્યા પછી આજદિન સુધી મારવામાં આવેલ તાળું ખોલવામાં નહીં આવતા બિનઉપયોગી હાલતમાં ભાસી રહેતાની સાથે જર્જરીત હાલતમાં છે. લોકઉપયોગી સુવિધા ન મળતા ગરીબ લોકોને સુવિધા મળતી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શહેરને ગંદકી મુકત કરવાના નારો નિરર્થક બન્યો છે. અહીંથી નર્મદા આધારીત મુખ્ય પસાર થતી પાઈપ લાઈન હોવા છતાં પુરતા ફોર્સમાં પાણી મળતું નથી. વળી, અવાવરો બનેલો કુવાની સાફસફાઈ કરાતી નથી. અહીંના તળાવની સફાઈ રામસાગરની માફક નિયમીતપણે કરવામાં નહીં આવતાં નિર્થક વનસ્પતિ ઉગવાની સાથે ગંદકીથી ખદબદે છે. જો રામસાગર તળાવ માટે નગર પાલિકા ચિંતા રાખીને જરૂરી ગ્રાન્ટ ફાળવે તે જરૂરી છે. નીકો નાની હોવાની સાથે કચરો ઉડીને આવતા ગંદકી થી ઉભરાઈને બહાર આવે છે. અને છેક શહેરના પ્રવેશ દ્વાર પાસેના ખાડામાં એકત્રિત થાય છે. રસ્તો પણ ઉબડખાબડ બનેલા છે.

**મતદારોના સમીકરણ**

| કુલ મતદારો : ૧૦૫૯૨ | | |
|---|---|---|
| પુરૂષઃ ૫૫૧૦ | સ્ત્રી : ૫૫૭૭ | ત્રીજી જાતિ : ૦૫ |

મુસ્લીમ, સિંધી સમાજ, મારવાડી સમાજ, બારીયા સમાજ તથા બક્ષીપંચ સમાજના સાથે કિન્નર સમાજના સમગ્ર ગોધરામાં સૌથી વધુ અહીં પાંચ મહત્વના મતદારો.

## પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં વાતાવરણમાં પલ્ટા વચ્ચે કમોસમી વરસાદ પડતા ઠંડક પ્રસરી

ગોધરા, પંચમહાલ જીલ્લામાં ભરશિયાળામાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને હવામાન વિભાગ દ્વારા કરાયેલ આગાહી મુજબ કમોસમી વરસાદ પડયો હતો. કાલોલ વિસ્તારમાં કરા સાથે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

કાલોલ તાલુકાના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ સાથે કરા પડયા હતા. કરાનો વરસાદ થતાં લોકો આશ્ચર્યમાં મુકાયા હતા. કમોસમી વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

- હાલ ખેતરોમાં ઘઉંનો પાક ઉભો હોવાથી નુકશાન થયું નથી.
- કાલોલ પંથકમાં કમોસમી વરસાદ સાથે કરા પડયા.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં સાંજના સમયે અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. અચાનક વરસાદ શરૂ થતાં શહેરના માર્ગો ઉપર ખુલ્લામાં ધંધો રોજગાર કરતાં ધંધાદારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. કમોસમી વરસાદને લઈ માર્કેટીંગયાર્ડમાં ખુલ્લામાં પડેલ અનાજને લઈ વેપારીઓ અનાજ પલળી ન જાય તે માટે દોડધામ કરી મૂકી હતી.

જીલ્લામાં હવામાન વિભાગ દ્વારા કરાયેલ જાહેરાત મુજબ અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને કમોસમી વરસાદ પડયો હતો. જેને લઈ ખેડુતો ચિંતીત બન્યા છે. હાલ ખેતરોમાં ઘઉંનો પાક ઉભો હોય જેને લઈ કોઈ નુકશાન થવા પામ્યું નથી. પરંતુ કમોસમી વરસાદ થી ઘઉંના ઉત્પાદન ઉપર થોડી અસર જોવા મળશે.

## પંચમહાલ જીલ્લામાં શરૂ થયેલ ધો.૬ થી ૮ના વર્ગોમાં ૪૧ ટકા વિદ્યાર્થીઓ વાલીની સંમતિ સાથે હાજર

ગોધરા, રાજય સરકારના પરિપત્ર બાદ સમગ્ર રાજયમાં આજથી ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે શાળાઓ ખૂલ્લી મૂકવામાં આવી છે. વાલીની સંમતિ બાદ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ ગોધરા સહિત અન્ય જગ્યાએ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રથમ દિવસે જિલ્લાના કુલ વિદ્યાર્થીઓ પૈકી ૪૧ ટકા વિદ્યાર્થીઓ વાલીની સંમતિ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં સફળ કોરોના વેક્સિનેશન બાદ હવે કોરોના કેસો હવે નામશેષ થવા પામ્યા છે. જેને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા મોટાભાગની છૂટછાટ આપી દેવામાં આવી છે. ત્યારે રાજ્યના શિક્ષણવિભાગ દ્વારા પરિપત્ર બહાર પાડીને ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે શાળાઓ ખોલવાનો આદેશ કરવામાં આવ્યો છે. જેને લઈને આજથી શાળાઓ વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મુકવામાં આવી છે. રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી SOP નું વિદ્યાર્થીઓ તેમજ શાળા સંચાલકો દ્વારા ચુસ્ત પાલન કરવાનું રહેશે. ત્યારે પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરમાં પણ આજથી ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ શાળામાં પ્રવેશ મેળવ્યો હતો. કોરોના મહામારી બાદ પ્રથમ વાર વિદ્યાર્થીઓ શાળામાં આવતા વિદ્યાર્થીઓમાં શાળાએ આવવાનો આનંદ જોવા મળ્યો હતો. બીજી તરફ શાળા સંચાલકો દ્વારા પણ સરકારની SOP નું ચુસ્ત પાલન થાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. શાળાએ આવતા વિદ્યાર્થીઓને થર્મલગન દ્વારા ચેક કર્યા બાદ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. તો વર્ગખંડોમાં પણ વિદ્યાર્થીઓ વચ્ચે સામાજિક અંતર જળવાય તે પ્રકારની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. બીજી તરફ મોટાભાગના વાલીઓ દ્વારા પોતાના બાળકોને શાળાએ જવા માટે સંમતિ આપી દેવામાં આવી છે. ત્યારે આ પ્રકારે વ્યવસ્થા જળવાય રહેશે તો થોડા જ સમયમાં સ્થિતિ રાબેતા મુજબ થઈ જશે.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં આજ થી શરૂ થયેલ ધો.૬ થી ૮ના વર્ગમાં પ્રથમ દિવસે કુલ વિદ્યાર્થીઓ પૈકી ૪૧ % બાળકો વાલીની સંમતિ સાથે શાળામાં હાજર રહ્યા.



ગોન્દ્રા ગુજરાતી શાળામાં સરકારના નીતિનિયમો મુજબ આજ રોજ ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે શાળા ખુલી જતા વિદ્યાર્થીઓનું પુષ્પથી સ્વાગત કરી આવકાર્યા તેમજ શાળાના શિક્ષક વિનુ બામણીયા દ્વારા માસ્ક આપી જરૂરી સૂચનાઓ આપી શિક્ષણ કાર્ય રાબેતામુજબ શરૂ કરવામાં આવ્યું. શાળાના આચાર્ય દીપિકાબેન શ્રીમાળી તથા શિક્ષક વ્રજેશ શાહે પણ ઉત્સાહ પૂર્વક વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરાની ઈકબાલ સ્કુલમાં ધોરણ ૦૬ના ૩૫, ધોરણ ૦૭ના ૪૫ અને ધોરણ ૦૮ના ૫૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યાં બાળકોને આચાર્ય ઈદરીસ બડંગા દ્વારા એસ.ઓ.પી.ની ગાઈડ લાઈનથી અવગત કરી આવકારવામાં આવ્યા હતા તથા આવનાર દિવસોમાં અભ્યાસમાં મહેનત કરી આગળ વધવા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## શહેરા પાલિકાની ચુંટણીનો માહોલ જામતો નથી : લોકો પરિવર્તન ઈચ્છી રહ્યા છે

શહેરા, શહેરા નગર વિસ્તારમાં નગર પાલિકાની ચૂંટણીનો માહોલ જામ્યો નથી. નગર વિસ્તારમાં આવેલ ૬ વોર્ડના ૨૨બેઠકો પર ભાજપ અને અપક્ષ ના ૪૪ જેટલા ઉમેદવારો ચૂંટણી મેદાનમા છે. આ વખતની ચૂંટણીમાં મતદારો પણ વીતેલા સમયને યાદ કરીને પોતાનો મતાધિકાર નો ઉપયોગ કરશે.

શહેરા નગર પાલિકાની ચૂંટણીમાં ૬ વોર્ડમાં પુરૂષ મતદારો ૮,૪૧૯ અને સ્ત્રી મતદારો ૭,૭૩૫ મળી કુલ ૧૬,૧૫૪ મતદારો આ વખતની ચુંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરનાર છે. આ વખતની ચૂંટણીમા કોંગ્રેસ અદ્રશ્ય થતા ભાજપ અને અપક્ષના ૪૪ જેટલા ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાઈ રહયો છે. નગર વિસ્તારમાં જોઈએ તેટલો ચૂંટણી નો માહોલ જોવા મળી રહયો નથી. ત્યારે મતદારો આ વખતની ચૂંટણીમા પરિવર્તન તો ઈચ્છી રહયા નથી કે શું ? નગર ના વિવિધ વોર્ડ ના મતદારો આ વખતની ચૂંટણીમાં ગત વખતની ચૂંટણીમાં ઊભા રહેલ ઉમેદવારો એ તેમની સમસ્યા કેટલી હલ કરવા સાથે વિકાસને ધ્યાનમાં લઈને તેમજ કેટલી વખત ઉમેદવારોએ મુલાકાત લીધી તેવા અનેક વિચારો સાથે પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તો નવાઈ નહી, નગર પાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો અપક્ષના ઉમેદવારને જીતાડવા માટે પ્રચાર શરૂ કરી દીધો છે.વોર્ડ નંબર ૨ માં ભાજપની સક્રિય મહિલા કાર્યકર સુશીલાબેન મારવાડી આ વખતની ચૂંટણીમાં અપક્ષ માંથી ઉમેદવારી કરીને ભાજપના ઉમેદવારને હરાવવા માટે એડી ચોટીનુ ઝોર લગાવી રહયા છે. તેઓ જણાવી રહયા છે કે મારી જીત પાકી હોવા સાથે મારા મત વિસ્તારના મતદારો પણ મારી સાથે છે, નગર પાલિકાની ચૂંટણીને લઈને ચૂંટણી કચેરી દ્વારા શાંતિ પૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાય તે માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હતી.

## ગોધરા પોલન બજારમાં જુગાર રમાડતા બે ઈસમો ઝડપાયા

ગોધરા, ગોધરા પોલન બજાર ચાઈનીઝ દુકાન પાછળ ખુલ્લામાં જુગાર રમી રહ્યા હોય તે સ્થળે પોલીસે રેડ કરી બે ઈસમોને ફરક આંક લખેલ ડાયરી રોકડા રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા પોલન બજાર ચાઈનીઝ દુકાનની પાછળ જાહેરમાં ફરક આંકનો જુગાર રમી અને રમાડી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન હશન અયુબ સુજેલા બિલાલ, અબ્દુલ રહીમ શીકારીને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણનો નવો એક કેસ નોંધાયો

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આજે કોરોના સંક્રમણનો નવો એક કેસ મળી આવ્યો છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની કુલ સંખ્યા ૩૯૭૭ થવા પામી છે. જયારે જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૨૧ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. આજે મળી આવેલ એકમાત્ર કેસ હાલોલમાંથી મળી આવ્યો છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૯૧૦ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૬૭ કેસ મળી આવ્યા છે. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૮૧૫ થવા પામી છે.